નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :5 OCTOBER 2024 I SATURDAY I Page :8 I Year : 2 I Issue :160 I Price: 2/-






# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

નાના માણસની મોટી બેંક www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

## ૭૨ મો સ્થાપના દિન



બિઝનેસ મિક્સ
રૂા. ૧૦,૩૧૧ કરોડ

સભાસદો
૩.૪૩ લાખથી વધુ

૧૮% ડિવિડન્ડ

છેલ્લા ચાર વર્ષથી નેટ એનપીએ ઝીરો

ડિપોઝીટ
રૂા. ૬,૩૧૧ કરોડ

ધિરાણ
રૂા. ૪,૦૦૦ કરોડ

અર્ધવાર્ષિક નફો
રૂા. ૭૮.૩૭ કરોડ

બેંકના સ્વપ્નદ્રષ્ટા



પૂ. અરવિંદભાઈ મણીઆર

૯૨ મો પાવન જન્મદિન

સહકારથી સમૃદ્ધિના સૂત્રની સાર્થકતા માટે અવિરત પ્રયત્નશીલ.

પ્રારંભથી નાના માણસના તમામ આર્થિક ઉદ્દેશ્યની પૂર્તિ કરવાના ધ્યેય સાથે આપણે હરેક ગ્રાહકનું આર્થિક સપનું સાકાર કરવાની યાત્રા ચાલુ રાખશું.

ફક્ત સભાસદો અને ગ્રાહકો જ નહીં, બૃહદ્ સમાજના કલ્યાણ અર્થે વિવિધ ગતિવિધિઓ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વનું વહન કરતાં રહીશું.

જનવિશ્વાસની આરાધનાના આપણા મૂળમંત્રને વળગી રહી આપણે સહુ સાથે મળીને આગેકૂચ કરતાં રહેશું.

આપ સર્વના નિરંતર વિશ્વાસ અને સતત સહયોગ બદલ
સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર્સ વતી આપનો અંતઃકરણપૂર્વક નતમસ્તક આભાર...

PROUDLY CO-OPERATIVE

વિનોદ શર્મા – સી.ઇ.ઓ. જીમ્મી દક્ષીણી – કાર્યકારી ચેરમેન

સહકારથી સમૃદ્ધિ



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# એનઆઈએમાં પણ ભ્રષ્ટાચાર??




દેશની સુરક્ષાની જવાબદારી એનઆઈએને માથે હોવા છતાં એનઆઈએનો દુરઉપયોગ પણ ઈડી અને સીબીઆઈની જેમ થઈ રહ્યો છે. બિહારથી એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. બિહારના ગયા શહેરમાં આવેલી એપી કોલોનીમા રહેતા જેડીયુના ભૂતપૂર્વ એમએલસી મનોરમા દેવીના ઘરે ૧૯મી સપ્ટેમ્બરે એનઆઈએની ટીમે દરોડો પાડયો હતો. દરોડામાં ૪.૩ કરોડ રૂપિયા રોકડા અને કેટલાક હથિયારો માળી આવ્યા હતા. એનઆઈએની પટણા બ્રાંચના ડીએસપી અજય પ્રતાપસિંહની આગેવાની હેઠળ આ છાપો મારવામાં આવ્યો હતો. આ કિસ્સામાં ડીએસપીએ નક્સલવાદી કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને ૨.૫ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. લાંચની માંગણી બાબતે સીબીઆઇને જણાવતા યોગ્ય તપાસ કરીને સીબીઆઇએ એનઆઈએના ડીએસપી અજય પ્રતાપસિંહની ધરપકડ કરી છે.મહારાષ્ટ્ર સત્તાપક્ષની મહાયુતિ સરકારમાં બધુ ઠીકઠાક નથી. મહાયુતિ સરકાર એવી વાતો લીક કરે છે કે, આવતી વિધાનસભાની ચૂંટણીમાં બેઠકોની વહેચણી બાબતે ત્રણે પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું છે. વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદેને ભાવી મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરાશે. આના બદલામાં બીજેપીને વધુ સીટ ફાળવવી પડશે. જોકે આંતરીક સૂત્રોના કહેવા પ્રમાણે આ બધી વાતો હવામાં છે. ભાજપને જો છેલ્લી ચૂંટણી કરતા વધુ બેઠકો ફાળવવામાં આવે તો એનસીપી (અજીત પાવર) નારાજ થઈને ત્રાગવુ કરી શકે એમ છે. ભાજપના નેતાઓ એવી વાત ફેલાવી રહ્યા છે કે, મોટા ભાગની બેઠકો પર સમજૂતી સધાઈ ગઈ છે. જોકે સત્ય હકીકત એ છે કે, મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં ગમે ત્યારે ભંગાણ પડી શકે એમ છે.

પશ્ચિમ બંગાળમાં આંદોલન કરી રહેલા જૂનિયર ડોક્ટરોએ ભવિષ્યની રણનીતિ બનાવવા માટે એક બેઠક બોલાવી હતી. રાજ્યના સિનિયર ડોક્ટરોએ જૂનિયર ડોક્ટરોને સલાહ આપી છે કે, સામાન્ય દર્દીઓને થતી હેરાનગતિને કારણે સંપૂર્ણ કામ બંધ નહીં કરે અને આંશિક આંદોલન જ ચાલુ રાખે. થોડા દિવસો પહેલા એક સરકારી હોસ્પિટલમાં દર્દીના કુટુંબીજનોએ ડોક્ટરો પર હૂમલો કર્યો હતો ત્યાર પછી ડોક્ટરો ફરીથી હડતાલ પર ઉતરી ગયા છે. બંગાળના નીરિક્ષકોનું માનવું છે કે, આવા એકલ-દોકલ હુમલા તો દરેક રાજ્યોમાં બનતા હોય છે. એનો મતલબ એમ નહીં કે ડોક્ટરો કામગીરી બંધ કરી દે. જૂનિયર ડોક્ટરો અને મમતા બેનર્જી વચ્ચે સમાધાન થવાની શક્યતા છે. એમ મનાય રહ્યું છે કે, થોડા દિવસોમાં જૂનિયર ડોક્ટરો પોતાનું આંદોલન સમેટી લેશે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા આદિત્ય ઠાકરે મહારાષ્ટ્રના કેટલાક સરકારી અધિકારીઓથી નારાજ છે. આદિત્ય ઠાકરેનું કહેવું છે કે, એમએમઆરડીએના પ્રમુખની ગેરરીતીઓ વિશે એમની પાસે ઘણી ફરિયાદો આવે છે. એમએમઆરડીએના પ્રમુખ સંજય મુખર્જી મુંબઈ અને મહારાષ્ટ્રને લૂંટી રહ્યા છે. મહાઅઘાડીની સરકાર સત્તા પર આવશે ત્યારે આવા અધિકારીઓને જેલ ભેગા કરવામાં આવશે. મુંબઈમાં થાણા અને બોરીવલીને જોડતી મહાત્વકાંક્ષી ટવીન ટનલ યોજનામાં પણ ઘણો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ટવીન ટનલ બનાવવાનું કામ એમએમઆરડીએને સોંપવામાં આવ્યું છે. આદિત્ય ઠાકરેનું માનવું છે કે જે અધિકારીઓ પ્રમાણીકતાથી કામ કરશે એમને હેરાન કરવામાં નહીં આવે, પરંતુ ભ્રષ્ટાચારીઓને છોડાશે નહીં. ખ્યાતનામ કુસ્તી ખેલાડી વિનેશ ફોગાટ હરિયાણામાં કોંગ્રેસ તરફથી વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે. વિનેશ ફોગાટને જીતાડવા માટે પ્રિયંકા વાડ્રા ખાસ મહેનત કરી રહ્યા છે. હરિયાણામાં વિનેશની ચૂંટણી સભાને સંબોધતા પ્રિયંકાએ આક્રમકતાથી કહ્યું હતું કે, કુરુક્ષેત્રની લડાઇ અને બ્રિટીશરો વિરુદ્ધની લડાઈની જેમ લડવાનો સમય આવી ગયો છે. આ ચૂંટણીમાં અસુરો અને દુષ્ટોને હરાવવા જ પડશે. નરેન્દ્ર મોદીની સરકાર પર આક્રમણ કરતા પ્રિયંકાએ કહ્યું કે, મોદી સરકાર કેટલાક ગણ્યા ગાંઠયા ઉધોગપતિઓ માટે જ કામ કરે છે. વિનેશ ફોગાટને નરેન્દ્ર મોદીએ ચા પીવા નથી બોલાવી. વિનેશ ફોગાટ સાથે મોટો અન્યાય થયો છે.

# છત્તીસગઢમાં 30 નક્સલોના ઢીમ ઢાળી દેવાયા , હથિયારો જપ્ત

નવી દિલ્હી,તા.૫

છત્તીસગઢના નક્સલો પ્રભાવિત નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર સુરક્ષા દળો અને નક્સલો વચ્ચે અથડામણ શરુ થઈ છે, ત્યારે એન્કાઉન્ટરમાં લગભગ 30 નક્સલોને ઠાર કર્યા હોવાના અહેવાલ સામે આવ્યાં છે. પોલીસ અધિકારીઓ જણાવ્યું છે કે, નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર નક્સલોની ઉપસ્થિતિની સૂચના મળતાની સાથે સુરક્ષાદળોના જવાનો નક્સલો વિરોધી અભિયાન માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે ઘટના સ્થળ પરથી -૪૭ રાઈફલ સહિતના ઓટોમેટિક હથિયારો જપ્ત કરવામાં આવ્યાં છે. હાલ પણ બંને વચ્ચે અથડામણ ચાલી રહી છે.

મળતી માહિતી પ્રમાણે, સુરક્ષાદળોને લગભગ એક વાગ્યાની આસપાસ નક્સલોની જાણકારી મળતાની સાથે ઘટના સ્થળે પહોંચ્યાં હતા, ત્યારે નક્સલોએ ગોળીબાર કરવાનું શરુ કર્યું હતું. જેની જવાબી કાર્યવાહીમાં સુરક્ષાદળોના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. નક્સલો સાથે અથડામણમાં સુરક્ષાદળોના જવાનો સુરક્ષિત



હોવાની જાણકારી અધિકારી દ્વારા આપવામાં આવી છે. અથડામણમાં નક્સલોના મોતનો આંકડો હજુ વધી શકે છે. હાલ પ્રભાવિત સમગ્ર વિસ્તારોમાં સર્ચિંગ ચાલી રહ્યું છે.

બસ્તર ક્ષેત્રના પોલીસ મહાનિરીક્ષક ()એ જણાવ્યું કે, નારાયણપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર અબુઝહમદના થુલથુલી ગામના જંગલમાં સુરક્ષાદળો દ્વારા એન્કાઉન્ટરમાં 30 નક્સલોને ઠાર કરી દીધા છે. જેમાં અત્યાર સુધીમાં ૧૪ના મૃતદેહ મળ્યા છે. સુરક્ષાદળોમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ () અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ ()ના જવાનો સામેલ હતા.

નારાયણપુર-દંતેવાડા જિલ્લા સહિત સાત જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૧૭૧ માઓવાદીને મારવામાં આવ્યા છે.



# તિરુપતિ પ્રસાદ વિવાદમાં સુપ્રીમકોર્ટનું મોટું ફરમાન, 'આસ્થાનો સવાલ છે, એસઆઈટી તપાસ કરશે..'

અમદાવાદ તા.૪

તિરૂપતિ બાલાજીના પ્રસાદ લડ્ડુમાં પશુની ચરબીની કથિત ભેળસેળ મામલે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી કરવામાં આવી છે. જેમાં જસ્ટિસ બીઆર ગવઈના નેતૃત્વ હેઠળની બેન્ચે તપાસ માટે નવી સ્વતંત્ર  રચવા આદેશ આપ્યો છે.

જસ્ટિસ ગવઈએ જણાવ્યું હતું કે, 'અમે આ આદેશ આપી રહ્યા છીએ, ભગવાનમાં આસ્થા રાખનારા કરોડો લોકોની ભાવનાને ધ્યાનમાં રખતાં અમે નું ગઠન કરવા નિર્દેશ આપીએ છીએ. કોર્ટે સીબીઆઈ બે સભ્યો, એપી રાજ્ય પોલીસના ૨ સભ્યો અને એફએસએસએઆઈના એક એક્સપર્ટને સામેલ કરતી  બનાવવા આદેશ આપ્યો છે.'પ્રસાદમાં માંસાહારની કથિત ભેળસેળના આરોપોથી વિશ્વભરના ભક્તોની આસ્થાને ઠેસ પહોંચી છે. આ મામલો રાજકીય ડ્રામા ન બને તે હેતુ સાથે અમે સ્વતંત્ર સંસ્થા  નિર્મિત કરી તપાસ હાથ ધરીશું, જેથી લોકોનો વિશ્વાસ જળવાઈ રહે.પાછલી સુનાવણી દરમિયાન જસ્ટિસ ગવઈએ ટીપ્પણી કરી હતી કે, ભગવાનને રાજનીતિથી દૂર રાખો. લેબમાં નિરિક્ષણ કરવામાં આવેલો ટેસ્ટ રિપોર્ટ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. કારણકે, તેમાં પ્રાથમિક ધોરણે ગેરમાન્ય ઘીનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું.



# સોમનાથ ડિમોલીશન સ્ટેટસ - કવો આદેશ આપવા સુપ્રિમનો પણ ઈન્કાર

## દબાણ હટાવવામાં પૂરી પ્રક્રિયા કરવામાં આવી હતી ગુજરાત સરકારની દલીલ માન્ય છતા જગ્યાના કાનુની હકક અંગે સુનાવણી યથાવત

### ■ પ્રભાસપાટણ મુસ્લીમ જમાતને સર્વોચ્ચ અદાલતમાં પણ રાહત નહિં

નવી દિલ્હી,તા.૪

સોમનાથ મંદિર આસપાસની સરકારી જમીન પર દબાણ હટાવવાની કામગીરીમાં કરાયેલા મેગા-ડીમોલીશનમાં સુપ્રિમ કોર્ટે પણ આ જગ્યા પર યથાવત સ્થિતિ જાળવી રાખવાની માંગણી કરતી મુસ્લીમ સમુદાયની અરજી ફગાવી દીધી હતી.

સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિ બીઆર ગવઈની ખંડપીઠે પ્રભાસ પાટણનાં મુસ્લીમ સમુદાય દ્વારા કરાવાતી અરજી પર કોઈ પ્રતિભાવ આવ્યો ન હતો.ગવનર્સ ગુજરાત હાઈકોર્ટ આ સ્ટેટસ-કવો યથાવત સ્થિતિ જાળવી રાખવાની મુસ્લીમ સમુદાયની અરજી ફગાવી હતી અને આ ખાલી કરાવાયેલી જગ્યા સોમનાથ મંદિર ટ્રસ્ટને સુપ્રત કરવાનાં તથા તેની આસપાસ ફેન્સીંગ કરવાના નિર્ણયને પણ સ્ટે કરવાનો ઈન્કાર કર્યો હતો.

ગત તા.૨૮ સપ્ટેમ્બરનાં રોજ આ ઓપરેશન કરવામાં આવ્યુ હતું. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે અમો અગાઉ જ કહ્યું છે કે જાહેર માર્ગ કે જાહેર હીતની જગ્યા પર ધાર્મિક દબાણ સ્વીકાર્ય રહેશે નહિં. સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે સુપ્રિમ કોર્ટે જ આપેલી માર્ગરેખા મુજબ આ ડીમોલીશન કરાયુ છે અને આ સરકારી જમીન જ હતી અને ૨૦૨૩ ની દબાણ હટાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને પક્ષકારોને નોટીસ તથા સુનાવણીનો પુરતો સમય અને તક અપાઈ હતી ૪ પક્ષકારોને વકફ બોર્ડ સહીત ઓથોરીટીનો સંપર્ક કર્યો હતો? પણ ક્યાંયથી રાહત મળી ન હતી. સમુદ્રની નજીક ૩૪૦ મીટર દુર થયેલા સોમનાથ મંદિર પાસે જ આ ગેરકાનુની દબાણ ખડકાયું હતું.સુપ્રિમ કોર્ટ સમક્ષ મુસ્લીમ પક્ષનાં ધારાશાસ્ત્રી જોકે સ્ટેટસ-કવોનો આગ્રહ રાખ્યો હતો પણ ન્યાયમુર્તિએ જણાવ્યું કે અગાઉ તા.૧૭ ના રોજ અમોએજ સ્પષ્ટ કહ્યુ કે જાહેર સ્થળો કે તેની સાથે જોડાયેલા સ્થળો પર દબાણ સ્વીકાર્ય બનો નહિં.

# ખેડૂતોના ખાતામાં આજે જમા થશે ૨૦૦૦ રૂપિયા

પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૧૮મા હપ્તાની તારીખની જાહેરાત થઈ ગઈ છે. ૧૮મા હપ્તાની રાહ જોઈ રહેલા પીએમ કિસાનના લાભાર્થીને આવતીકાલે ૧૮મો હપ્તો મળી જશે. પીએમ કિસાનની સત્તાવાર વેબસાઇટ અનુસાર, નો ૧૮મો હપ્તો ૫ ઓક્ટોબર ૨૦૨૪ના દિવસે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫ ઓક્ટોબરના રોજ ૧૨ વાગ્યે કૃષિ અને પશુપાલન ક્ષેત્રથી જોડાયેલા અંદાજિત ૨૩,૩૦૦ કરોડ રૂપિયાના કેટલીક યોજનાઓનો શુભારંભ કરશે. આ દરમિયાન તેઓ ૧૮મો હપ્તો પણ જાહેર કરશે. ૯.૪ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોને રૂપિયા ૨૦ હજાર કરોડથી પણ વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવશે. આમ, ખેડૂતોના ખાતામાં ૨ હજાર રૂપિયા જમા થઈ જશે. પીએમ



કિસાન સન્માન નિધિ કેન્દ્ર સરકારની એક યોજના છે. જેને ફેબ્રુઆરી ૨૦૧૯માં વડાપ્રધાને એવા ખેડૂતોની નાણાંકીય મદદ માટે લોન્ચ કરી હતી, જેની પાસે પોતાની જમીન છે. આ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયા આપવામાં આવે છે. દર વર્ષે ત્રણ હપ્તામાં આ રકમ ટ્રાન્સફર કરવામાં આવે છે.

અત્યાર સુધી ભારત સરકારે ૧૭ હપ્તામાં ૧૧ કરોડથી વધારે ખેડૂત પરિવારોના ખાતામાં ૩.૨૪ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. આ યોજના હેઠળ મળતાં ૬ હજાર રૂપિયા ખેડૂતોને ખેતીના બીજ, ખાતર અને ખેતી સાથે જોડાયેલા ઉપકરણો વગેરે ખરીદવા માટે મદદ કરે છે.

જે ખેડૂતો પાસે પોતાના નામે કૃષિયોગ્ય જમીન છે, તે આ યોજનાનો લાભ લઈ શકે છે. ૨ હેક્ટર સુધીની ખેતીલાયક જમીનવાળા નાના અને ગરીબ ખેડૂત પણ આ યોજના હેઠળ લાભ લઈ શકે છે.

# વધુ એકવાર વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો યાત્રીઓમાં અફડાતફડી





### બે કોચના બારીના કાચ તૂટ્યા પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી

ધનબાદ, તા.૪

વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની વધુ એક ઘટના બહાર આવી છે, પટણાથી ટાટા થઇ રહેલી પટના-ટાટા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારાની ઘટના બનતા મુસાફરોમાં અફડા તફડી મચી ગઈ હતી.સી-૨ કોચની ૪૩ અને ૪૪ નંબરની બારીના કાચ આ પથ્થરમારાની ઘટનામાં તૂટી ગયા હતા. આ ઘટના ગયાથી કોડરમાં વચ્ચે પદુગ્રામ-શર્મા ટાંડ સ્ટેશન વચ્ચે બની હતી.

એક યાત્રીએ જણાવ્યું હતું કે, લગભગ સાંજે સાડા ચાર વાગ્યે અચાનક ટ્રેનમાં પથ્થરમારાની ઘટના બનતા લોકોમાં ભય ફેલાયો હતો અને પ્રવાસીઓ અહીં-તહીં ભાગવા લાગ્યા હતા.વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના બાદ આરપીએફે તપાસ અભિયાન હાથ ધર્યું હતું. બાદમાં પટના પહોંચ્યા બાદ ટ્રેનના કોચના ક્ષતિગ્રસ્ત કાચને રીપેરીંગ કરાયું હતું. પથ્થરમારાની ઘટનાને પગલે ટ્રાયલ રનમાં વિલંબ થયો હતો.

# ગરબીની લાણી માટે આઈટમોનો ખજાનો

## (રૂ.૫૦ થી લઈને રૂ.૧૫૦૦સુધીની વસ્તુઓ હોલસેલ ભાવ પર મળશે




**વસંતભાઈ બગડાઈ**
મો. ૮૨૦૦૩૦ ૭૪૫૫, ૯૮૨૪૮૧ ૪૮૨૯




# શ્રી કૃષ્ણ ટોયઝ માર્ટ

**લોહાણાપરા મેઈન રોડ, હનુમાન મંદિર પાસે**

# ચાલુ ટ્રેનના બાથરૂમમાં તેના કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું

## પ્રથમ પ્રેમજાળમાં ફસાવી બાદમાં ધમકી આપી કોલેજેથી લઈ જઈ છાત્રાને અમદાવાદ, સુરત, મુંબઈ, બાદ જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર ફેરવી: સિવિલ હોસ્પિટલ અને રેલવે સ્ટેશન પર રાતો વિતાવી

### ■ માતા-પિતા શોધતા હોવાથી અંતે સુરેન્દ્રનગરથી મળ્યા, રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથકે ગુનો નોંધાયો: આરોપીની ધરપકડ



રાજકોટ, તા.૫

ચાલુ ટ્રેનના બાથરૂમમાં એચ.એન. શુક્લા કોલેજની છાત્રા પર તેના કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું હતું. પ્રથમ પ્રેમજાળમાં ફસાવી બાદમાં ધમકી આપી કોલેજેથી લઈ જઈ છાત્રાને અમદાવાદ, સુરત, મુંબઈ, બાદ જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર ફેરવી હતી. સિવિલ હોસ્પિટલ અને રેલવે સ્ટેશન પર રાતો વિતાવી હતી. રાજકોટ ખાતે અમરગઢ(ભીચરી) ગામે આવેલ એચ.એન.શુકલા કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી ૧૯ વર્ષીય છાત્રા રશ્મિ (નામ બદલાવેલ છે)એ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મારુ મુળ ગામ સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકામાં આવેલ છે. છેલ્લા એક વર્ષથી અનેએચ.એન. શુકલા કોલેજ ખાતે નર્સિંગનો અભ્યાસ કરું છું ત્યાં જ ગર્લ્સ હોસ્ટેલમાં રહું છું.

મારા માતા-પિતાજી મજુરીકામ કરે છે. હું ત્રણ બહેનો તથા એક ભાઈમાં સૌથી નાની છું. મારા કૌટુંબિક કાકાનો દીકરો રાજેશ(નામ બદલાવેલ છે) જે અમારા ગામમાં આવેલ ઘરની સામે રહે છે. મારે રાજેશ સાથે ફોન તથા વોટસઅપમાં અવારનવાર વાતચીત થતી હતી. છેલ્લા એક વર્ષથી અમારે પ્રેમસંબંધ બંધાયેલ હતો. અમે ક્યારેક સમય મળે તો રાજકોટ આજીડેમ ખાતે મળતા હતા અને વાતચીત કરતા હતા.

ત્યારબાદ હું મારા હોસ્ટેલ ખાતે પરત આવતી રહેતી હતી. હું ઉનાળુ વેકેશનમાં મારા ઘરે ગયેલ ત્યારે તા.૯/૫/૨૪ ના રોજ બપોરના બેએક વાગ્યાના અરસામાં આ અનીલે મારા મોબાઈલ ઉપર તેના મોબાઈલ ઉપરથી મેસેજ કરીને મને જણાવેલ કે તું મને મારા ઘરે મળવા માટે આવ નહી તો જો તુ નહી આવે તો હું મરી જઈશ. તેવો મેસેજ કરતા હું તેના ઘરે તેને મળવા માટે ગયેલ અને તેના ઘરે કોઈ હાજર ન હોય તેણે મારી સાથે મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ હતો.

તેણે જણાવેલ હતુ કે આ વાત કોઈને કહીશ તો હું મરી જઈશ. મેં બીકના માર્યા કોઈને વાત કરેલ ન હતી. ત્યારબાદ હું હોસ્ટેલ ખાતે વેકેશન પુરૂ થતા આવેલ ત્યારે મે આ રાજેશનો નંબર બ્લોક કરી દીધેલ હતો. પરંતુ બીજા જ દિવસે આ રાજેશની કાકાની દીકરીનો મને ફોન આવેલ અને જણાવેલ કે તુ રાજેશનોનો નંબર બ્લોકમાંથી કાઢી નાખ નહીતર રાજેશ મરી જશે. તેમ જણાવેલ હતું. જેથી મે રાજેશનો નંબર બ્લોક માંથી કાઢી નાંખેલ હતો. આ રાજેશનો ફોન આવતો ત્યારે મને તે ધમકી મારતો હતો કે તું મને બ્લોક કરીશ તો હું મરી જઈશ. તેમ જણાવતો હતો.

વધુમાં છાત્રાએ જણાવ્યું કે, તા. ૧૫/૯/૨૪ ના રોજ સાંજના પાંચેક વાગ્યાની આસપાસ હું મારી હોસ્ટેલ ખાતે હતી ત્યારે મને રાજેશનો ફોન આવેલ હતો અને જણાવેલ કે હું આવતીકાલ તા.૧૬ના રોજ તારી કોલેજની પાસે સવારના સાડા નવેક વાગ્યે આવીશ અને તું મારી સાથે નહી આવે તો હું મરી જઈશ અથવા તો તારા ભાઈને મારી નાખીશ.

જેથી હું મારી હોસ્ટેલથી નીકળી અને કોલેજની બહાર ગયેલ ત્યારે ત્યાં રાજેશ આવેલ હતો. રીક્ષામાં બેસીને બસસ્ટેન્ડ સુધી ગયેલ હતા. ત્યાંથી અમદાવાદ ગયા જતા. અમદાવાદ બસસ્ટેશનમાં બંને સુઈ ગયા હતા. રાજેશના રૂપિયા ખર્ચ થઈ જતા તેણે પોતાનો મોબાઈલ ત્યાં દુકાનમાં વેંચી દીધેલ હતો. બે દિવસ ત્યાં રોકાયેલ પછી સુરત ટ્રેનમાં ગયેલ. સુરત ખાતેના રેલ્વે સ્ટેશન ખાતે આવેલ વેઈટીંગ રૂમમાં અમે બંને ત્રણ દિવસ રોકાયેલ હતા. ટ્રેનમાં મુંબઈ એક દિવસ રોકાયેલ. બાદમાં જામનગર ટ્રેનમાં આવ્યા.

એક દિવસ રોકાયા બાદ દ્વારકા ગયા. બાદમાં રાજકોટ આવી રેલ્વે સ્ટેશન ખાતે ત્રણ દિવસ રોકાયેલ હતા. રાજેશે તેમના મિત્ર પાસે રૂપીયા મંગાવેલ હતા. પછી સુરેન્દ્રનગર ખાતે ટ્રેનમાં રાત્રીની જતા હતા ત્યારે જનરલ ડબ્બામાં આવેલ બાથરુમમાં આ રાજેશે મને ધમકી આપીને મારી મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધેલ હતો.

## વડોદરા અભ્યાસ કરતી છાત્રા રાજકોટમાં નવરાત્રી કરવા ઘરે આવી હતી

# ગરબા રમવા જવાની પિતાએ ના પાડતા ગળેફાંસો ખાઈ ઝીંદગી ટૂંકાવી



રાજકોટ,તા.૫

વડોદરામાં અભ્યાસ કરતી કોલેજીયન છાત્રા નવરાત્રિ કરવા ઘરે આવી હતી, પરંતુ તેને તાવ આવતો હોવાથી પિતાએ ગરબા રમવા જવાની ના પાડતા તેણીને લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

રાજકોટના કોઠારિયા રોડ વિસ્તારમાં સુભાષનગર મેઈન રોડ પર કેશવ વિદ્યાલય પાસે રહેતી ભૂમિકા અશ્વિનભાઈ વાળા (ઉ.વ.૧૮) નામની યુવતિએ ગત તા. ૨ના રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીનું સારવાર દરમિયાન આજે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા મોત નિપજ્યું હતું. આ અંગે ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં મૃતક ભૂમિકા ત્રણ બહેનમાં મોટી અને તેના પિતા ફેબ્રિકેશનનું કારખાનું ચલાવતા હોવાનું સામે આવ્યું છે. તેણી વડોદરામાં પારૂલ યુનિવર્સિટીમાં બીબીએનો અભ્યાસ કરતી હતી. તે નવરાત્રી મનાવવા માટે રાજકોટ ઘરે આવી હતી. પરંતુ તેણીને તાવ આવતો હોવાથી તેના પિતા અશ્વિનભાઈએ ગરબા રમવા જવાની ના પાડતા અને તાવ ઉતરી જાય પછી ગરબા રમવા જવાનું કહ્યું હતું.

# સોની વેપારીનું રૂા.૨૦.૯૦ લાખનું સોનુ લઈ બંગાળી કારીગર ફરાર

## સોની વેપારીએ વિશ્વાસુ કારીગરને 30 લાખનું ફાઈન સોનુ આપી ૧૮ કેરેટની ૯૦ જોડી બુટી બનાવવા આપી હતી



રાજકોટ,તા.૫

રાજકોટની સોની બજારમાંથી સ્થાનિક વેપારીઓનું સોનુ લઈ બંગાળી કારીગર ફરાર થઈ જતા હોવાની ઘટનાઓ અનેક વખત સામે આવતી હોય છે. પરંતુ હવે ખુદ બંગાળી વેપારીનું જ સોનુ બંગાળી કારીગર લઈને ફરાર થઈ ગયાની ઘટના સામે આવતા એ ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા ૪૦ વર્ષથી રાજકોટમાં સોનાનું ઘાટકામ કરનાર બંગાળી વેપારીને ત્યાં છેલ્લા ૨૦ વર્ષથી કામ કરનાર બંગાળી કારીગર રૂ.૨૦.૯૦ લાખની કિંમતનું સોનુ લઈ પરિવાર સાથે ફરાર થઈ ગયો હતો. જેથી આમ આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આ બંગાળી કારીગરની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટની સોની બજારમાં ગઢની રાંગ પાસે શ્રીમાળી હોસ્પિટલની પાછળ ભટ્ટ શેરીમાં ગોલ્ડન પ્લાઝા એપાર્ટમેન્ટમાં ગોસિયા જ્વેલર્સ નામની દુકાન ધરાવનાર અલીમભાઈ કાસીમભાઈ અબ્દુલ (ઉં.વ.૫૦) દ્વારા નોંધાવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મૂળ પશ્ચિમ બંગાળના હત્પગલી જિલ્લાના વતની અને હાલ રાજકોટમાં રહેતા નિખિલસિંગ મધાયસિંગનું નામ આપ્યું છે. વેપારીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સોની બજારમાં દુકાન ધરાવી છેલ્લા ૪૦ વર્ષથી સોનાનું ઘાટકામ કરે છે. તેની સાથે નિખિલસિંગ અહીં છેલ્લા ૨૦ વર્ષથી વેપારીની દુકાન ઉપર આવેલી તેમની અન્ય દુકાનમાં સોનાનું ઘાટ કામ કરતો હતો.

ગત તારીખ ૦૬.૦૯.૨૦૨૪ના સવારના ૧૦ વાગ્યે વેપારીને કાનની બુટ્ટી બનાવવાનો ઓર્ડર આવ્યો હતો. જેથી તેમણે પોતાના વિશ્વાસુ કારીગર નિખિલસિંગને અહીં બોલાવ્યો હતો અને તેને ૨૭૦ ગ્રામ ફાઈન સોનુ તેના પર ભરોસો રાખી આપ્યું હતું. જેમાંથી ૧૮ કેરેટની ૯૦ જોડી બુટ્ટી બનાવી ૩-૪ દિવસમાં આપવાનું કહ્યું હતું. જેથી નિખિલસીંગે કહ્યું હતું કે, ૪ દિવસમાં બુટ્ટી બનાવી આપીશ. બાદમાં તે દુકાને કામ કરવા જતો રહ્યો હતો. બપોરના ૩ વાગ્યે દુકાને તાળું મારી ગયા બાદ સાંજના ૭ વાગ્યા સુધી તેને દુકાન ખોલી ન હતી. જેથી ફરિયાદીએ નિખિલસિંગને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો.

ફરિયાદીની દુકાનની બાજુમાં આવેલ મકાનમાં નિખિલસીંગ ફેમિલી સાથે ભાડે રહેતો હોવાથી ત્યાં જઈ તપાસ કરતા માલુમ પડ્યું હતું કે નિખિલસિંઘ તેની પત્ની કોઈ હાજર નહોતું અને ઘર ખુલ્લું હતું. નિખિલસિંગના ભત્રીજા જયદીપસિંગને ફોન કરતા તે પણ ફોન ઉપાડતો નહોતો.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.05/10/2024 SATURDAY


### તે જે કેસ કર્યા તેનો ખર્ચો માવતરેથી લઈ આવે

# સાસુએ મંગળસૂત્ર ખેંચી પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી


## માવતરે રહેતી પરિણીતાએ અમરજીતનગરમાં રહેતા પતિ સહિતના સાસરિયાઓ સામે ફરીયાદ નોંધાવી

રાજકોટ,તા.૫

બનાવ અંગે હાલ ભુજ રહેતી એરપોર્ટ રોડ પર અમરજીતનગરમાં રહેતાં હિરલબેન સુશીલભાઈ સોલંકી (ઉ.વ.૨૭) એ તેના પતિ સુશીલ ચમનભાઇ સોલંકી, સસરા ચમનભાઇ સોલંકી, સાસુ કેસરબેન ઉર્ફે કેસીબેન જેઠ કેતન સોલંકી, જેઠાણી નીતાબેન સોલંકી અને નણંદ પુનમબેન (રહે.એરપોર્ટ રોડ પર અમરજીતનગર) વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, હાલ તે તેના માતાપિતાના ઘરે રહે છે. તેણીના લગ્ન તા.૨૨/૦૪/૨૦૧૬ ના સુશીલ સોલંકી સાથે થયેલા અને ૨૦ દિવસ સુધી ઘરસંસાર સરખો ચાલેલ ત્યારબાદ નાની નાની બાબતોમાં પતિ, સસરા, સાસુ , જેઠ, જેઠાણી અને નણંદ હેરાન કરતા હતા. ગઈ તા.૩૦/૦૭/૨૦૧૬ ના તેણી ઘરના સભ્યો સાથે ઘરે હાજર હતી ત્યારે પતિ સહિતના સાસરિયાઓ તેણીને મેણાટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતા હતાં.

તેમજ ઘરના સભ્યો તેમને મહિલા પોલીસ સ્ટેશન પર લઇ ગયેલા અને ત્યાં તેણીના માસા દિનેશભાઇ આવી જતા તેમના ઘરે લઇ ગયેલ હતા. તેણીના માતા પિતા કચ્છ ભુજ રહેતા હોય



તેઓ માસાના ઘરે આવતા તેઓ તેણીને ભુજ લઇ ગયેલ અને ત્યાં હોસ્પીટલ ખાતે લઇ ગયેલા અને ત્યાં સારવારમાં દાખલ કરેલ હતી. તે બનાવ બાબતે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશનના ફરીયાદ દાખલ કરેલ હતી. તેમાં સાત વર્ષ કેસ ચાલેલ અને હાઇકોર્ટમાં ભરણ પોષણની રિવીઝન કરેલ હતી. પતિને આ ભરણ પોષણની રકમ ભરવી ન પડે તે માટે તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ સમાધાન કરી બધા કેસો કોર્ટમાંથી પાછા ખેંચાવેલ હતા.

ગઇ તા.૧૩/૦૩/૨૦૨૪ ના તેણીને પતિ સુશીલ વચ્ચે સમાધાન થઇ જતા તે રાજકોટ ખાતે સુશીલના ઘરે રહેવા માટે આવી ગયેલ હતી. ત્યાર બાદ તેના પતિએ પાળ ગામમાં ભાડાનુ મકાન રાખેલ જ્યાં તેઓ ફક્ત સુવા માટે જતા હતા. દિવસના તેણી અમરજીતનગર સાસુ સસરા જેઠ જેઠાણી સાથે રહેતી હતી. સાસરિયાઓ નાની નાની બાબતોમાં મેણા ટોણા મારતા અને કહેવા લાગેલ કે, તે જે કેસ કર્યા તેમાં અમારે જે ખર્ચો થયો અને તારા પતિએ જે તને ભરણ પોષણ આપ્યુ છે તે તારા મમ્મી પપ્પાને કહે કે પાછુ આપી દયો, તો જ તને મારા ઘરમાં રાખીશ નહિતર તને જાનથી મારી નાખીશ તેવુ સાસુ સસરાએ કહેલ હતુ.

ત્યારબાદ અવાર નવાર નણંદ પુનમબેન તેમના ઘરે આવી સાસુ સસરાને તેમના વિરૂધ્ધ ચડામણી કરતા અને તા.૨૫/૦૭/૨૦૨૪ ના તે પતિ સાથે મવડી ચોકડી પાસે સામાન લેવા નીકળેલા ત્યારે રામધન પાસે દંપતિનું એક્સીડન્ટ થયેલુ અને બંનેને ઈજાઓ થયેલી અને સારવારમાં ખસેડાયા હતાં.

ત્યારબાદ તા. ૨૬/૦૭/૨૦૨૪ ના તે દશામાના ઉપવાસ કરવા માટે ભુજ માવતરના ઘરે મોકલેલી અને ત્યારબદ પતિ તેનો કોઇ ફોન ઉપાડતા ન હતા. જેથી તા.૨૧/૦૮/૨૦૨૪ ના તે રાજકોટ આવેલી અને સાસુ સસરાના ઘરે ગયેલી ત્યારે સાસુ અને સસરાએ મુંઢ માર મારી સાસુએ સોનાનુ મંગળસુત્ર લઇ લીધેલ અને ધક્કો મારી મને પહેરેલ કપડે કાઢી મુકેલ હતી.

## મધુવન શાળાને બંધ કરવા DEOનો આદેશઃ ૧૩૦ વિદ્યાર્થીઓ અન્ય સંસ્થાઓને ફાળવી દેવાશેઃ પટેલ

રાજકોટઃ શહેરના ગોંડલ રોડ પર ખોડીયારનગર વિસ્તારમાં ચલાવાતી મધુવન શાળાને બંધ કરવા માટે શિક્ષણાધિકારી દિક્ષીત પટેલ દ્વારા આદેશ કરી દેવાયો છે. આ શાળાના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓને અન્ય સંસ્થાઓને ફાળવી દેવાશે.આ અંગે શિક્ષણાધિકારી દિક્ષીત પટેલએ જણાવ્યું હતું કે આ શાળાના સંચાલક દ્વારા શાળાને કાયમી ધોરણે બંધ કરવાની બાંહેધરી આપી દીધી છે અને એફીડેવીટ પણ આપી દેવામાં આવેલ છે.અહીં એ ઉલ્લેખનીય છે કે મધુવન શાળામાં મંજુરી વગર ધો.૯ અને ૧૦ના વર્ગો ચલાવાતા હોવાની ફરિયાદ ઉઠતા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણ નિરીક્ષકોને મોકલી આ શાળાની તપાસ કરવામાં આવી હતી. જેમાં શાળાની નોંધણીનું સ્થળ અલગ નિકળ્યું હતું. તેમ છતા ગોંડલ રોડ પર ખોડીયારનગરમાં આ શાળા ચલાવાતી હતી. જોકે ધો.૯ અને ૧૦ના વર્ગો ચલાવાતા ન હતા. આ શાળાની મંજુરીનું સ્થળ અલગ નિકળતા શિક્ષણાધિકારી દ્વારા શાળા સંચાલકોનું હિયરીંગ કરવામાં આવેલ હતું. જે બાદ હવે આ શાળાને બંધ કરવા માટે સંચાલકોએ બાંહેધરી આપી દીધી છે.

### ગુજરાતના તમામ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ

## RTO ના સર્વરના ધાંધિયા; ૩ દિવસના સ્લોટ રિ-શિડ્યુલ થશે, અરજદારોને મેસેજ જોવા સૂચના



વડોદરા,તા.૬

ગુજરાતભરની આરટીઓ કચેરીમાં એક જ સર્વર દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની ટેસ્ટ લેવાની કામગીરી કરવામાં આવે છે. ત્યારે આરટીઓના સર્વરમાં ખામી સર્જાતા ગઈકાલે અને આજે (૪ ઓક્ટોબર) ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેતા લાઈસન્સના ટેસ્ટની કામગીરી બંધ રહી હતી. તો આવતીકાલે (૫ ઓક્ટોબર) પણ ટેસ્ટ ટ્રેક બંધ રહેશે તેવી જાણકારી આરટીઓ અધિકારી દ્વારા આપવામાં આવી છે. સર્વરના ધાંધિયાને કારણે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના ત્રણ દિવસના સ્લોટ રિ-શિડ્યુલ કરવામાં આવ્યાં છે. આ સાથે જ અરજદારોને આરટીઓ દ્વારા અપીલ કરાય છે કે, રિ-શિડ્યુલ અંગેની માહિતી આપના રજીસ્ટર મોબાઈલ નંબર પર મળશે, જેથી આરટીઓ કચેરીએ ધક્કો ન ખાવો.

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓમાં આવેલો ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ભગવાન ભરોસે ચાલી રહ્યો છે. લાંબા સમયથી કોઈપણ એજન્સીને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી. આરટીઓના ઈન્સ્પેક્ટરો અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરો પોતાની રીતે મેન્ટેનન્સ કરાવી રહ્યા છે. જોકે, હવે તો ડ્રાઈવિંગની ટેસ્ટ આપતા પહેલા ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં પણ ખામી સર્જાઈ રહી છે.

# જર્જરિત-જોખમી સરકારી ક્વાર્ટર ચાર-ચાર વખત અરજીઓ કરી પણ કોઈ રિપેર નથી કરતુ

## દરવાજા તૂટેલા, બારીઓના કાચ તૂટીને પડે છેઃ છતમાંથી ગમે ત્યારે પોપડા નીચે આવે છેઃ દર્દી નારાયણોની સેવા કરતા કર્મીઓનો સવાલ – છે કોઈ અમારૂ સાંભળવા વાળું?

રાજકોટ, તા.૫

ઝૂલતા પુલની દુર્ઘટનામાં મોટી જાનહાની થઈ, એ પછી ટીઆરપી અગ્નિકાંડમાં લોકો જીવતા ભૂંજાયા એ પછી આવા બનાવોથી તંત્ર સચેત છે. તેવું અધિકારીઓનું રટણ રહ્યું છે. જોકે હકીકતની સ્થિતિ કંઈક અલગ જ છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ જે ક્વાર્ટરમાં રહે છે તે જર્જરીત અને જોખમી સરકારી કવાર્ટને રીપેર કરવા ચાર - ચાર વખત અરજીઓ કરાઈ છે. પણ કોઈ રિપેર નથી કરતુ. સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા અનેક વખત રજૂઆતો કરાઈ પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. કર્મચારીઓ પર જીવનું જોખમ છે. પણ જેતે જવાબદાર અધિકારી અને તંત્ર માનવતા ભુલી ગયું છે. અહીં દરવાજા તૂટેલા છે, બારીઓના કાચ તૂટીને નીચે પડે છે.



છતમાંથી ગમે ત્યારે પોપડા નીચે આવે છે. દર્દી નારાયણોની સેવા કરતા કર્મીઓનો સવાલ -એટલો જ છે કે, છે કોઈ અમારું સાંભળવા વાળું? આ કવાર્ટર રાજકોટમાં ધરમ સિનેમા પાછળ આવેલા છે. અહીં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પેરામેડિકલ સ્ટાફ અને નર્સ સ્ટાફને કવાર્ટર ફાળવવામાં આવ્યા છે.

સરકારમાં તેઓ આનું નક્કી કરેલ ભાડું પણ ચૂકવે છે. છતાં આવા ક્વાર્ટરમાં રહેવા મજબૂર છે. એક વર્ષથી નર્સ સ્ટાફ દ્વારા ચાર ચાર વખત અરજીઓ કરવામાં આવી છે. તો પણ કોઈ રિનોવેશનની કામગીરી થઈ નથી. જર્જરિત ઈમારતો સામે મનપાને કાર્યવાહી કરવા સૂચના છે. પણ આતો સરકારી કવાર્ટર છે. મનપા કેમ કાર્યવાહી કરે? એ તરફ રીનોવેશન કરવાની જવાબદારી જે પીડબ્લ્યુડી વિભાગમાં આવતી હોય ત્યાંથી કામગીરી થાય તેવી કોઈ પ્રતિક્રિયા ન મળતા આગામી સમયમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત થાય તેવી શકયતા છે.

આ અગાઉ રાજકોટના જ એક સરકારી ક્વાર્ટરમાં જજ રહેતા હોય તેઓ ન્હાવા માટે બાથરૂમમાં ગયા હતા એવા વખતે જ બાથરૂમની છતમાંથી પોપડું પડ્યું હતું અને જજના માથામાં ઈજા થઇ હતી. હાલ જે રજુઆત થઈ છે તેમાં પણ કોઈને ઈજા થાય તેવી રાહ તંત્રના અધિકારીઓ જોતા હોય તેમ લાગી રહ્યું છે.

# તબીબી સેવા ક્ષેત્રે રાજકોટ એઈમ્સ પ્રગતિશીલઃ ઓ.પી.ડી. ૩ લાખને પાર

## રોજના ૮૦૦ થી ૧૦૦૦ જેટલા દર્દીઓને માત્ર રૂ. ૧૦ ની નજીવી કિંમતે નિદાન, ઈન્ડોર પેશન્ટની સર્જરી નિઃશુલ્ક

**■ ૫૪૦૦ થી વધુ ઈમરજન્સી કેસ સાથે ૨૨૦૦ થી વધુ દર્દીઓની ઈન્ડોર સારવાર**



રાજકોટ તા.૫

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપણાથી સૌરાષ્ટ્રમાં ઉત્કૃષ્ટ સારવાર દર્દીઓને નજીવા દરે પ્રાપ્ત થાય તે માટે રાજકોટને એઈમ્સની ભેટ આપી, જેનું ખાતમુહર્ત અને લોકાર્પણ પણ ખુદ વડાપ્રધાને કર્યું હતું. કોરોનાની વિપરિત પરિસ્થિતિમાં ચાર વર્ષમાં ખુબ જ ટૂંકા ગાળામાં એઈમ્સનું ૮૦ ટકા જેટલું નિર્માણ પૂર્ણ થવામાં છે. એઈમ્સના નિર્માણની સાથોસાથ લોકોને આરોગ્ય સેવાનો લાભ મળી રહે તે માટે પ્રારંભથી જ ઓ.પી.ડી સેવા શરુ કરી દેવામાં આવી હતી. જરૂરી બિલ્ડીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૨૫ મી ફેબ્રુઆરીએ એઈમ્સના લોકાર્પણ સાથે ૨૫૦ બેડ ની ઈન્ડોર સેવા શરુ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં એઈમ્સ ખાતે ઉપલબ્ધ સેવાઓ સાથે આરોગ્યલક્ષી પ્રવૃતિઓની સેવાકીય ફલક પૂરું પાડતી આંકડાકીય માહિતી અત્રે એઈમ્સ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચ દ્વારા પુરી પાડવામાં આવી છે.

ડિરેક્ટર શ્રી કટોચે જણાવ્યું છે કે, રાજકોટ એઈમ્સમાં માત્ર એક વર્ષના ગાળામાં ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ શરુ કરી દેવામાં આવેલો, જે અંતર્ગત હાલ સુધીમાં ૩,૦૫,૫૪૦ જેટલા દર્દીઓનું નિદાન હાથ ધરાયુ છે. જેમાં ૫,૪૭૪ જેટલા ઈમર્જન્સી કેસ સામેલ છે. ૨૫૦ બેડની ઈન્ડોર સેવાના પ્રારંભ સાથે આજ સુધીમાં ૨,૨૭૧ જેટલા દર્દીઓને ઈનહાઉસ સારવારનો લાભ મળ્યો છે. જેમાં દાખલ દર્દીઓ પૈકી હાડકા, આંખ, કાન, નાક, ગળા, ગાયનેક સહિતના વિભાગમાં ૫૦૦ જેટલા મેજર અને ૨૫૦ જેટલા માઈનોર ઓપરેશન્સ કરવામાં આવ્યા છે. આ માટે જરૂરી લેબ, એક્સ-રે સહિતના રિપોર્ટ અહીં કરી આપવામાં આવે છે. હાલ સુધીમાં ૨,૨૦,૧૨૩ લેબોરેટરી ટેસ્ટ કરી આપવામાં આવ્યા હોવાનું ડિરેક્ટરશ્રીએ જણાવ્યું છે.

અહી લેબમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, કોવીડ, ઝીકા વાઈરસ, ઈન્ફ્લ્યુએન્ઝા રોગના રિપોર્ટ્સ, હીમેટોલોજી સંબંધી બ્લડ, યુરિન સંબંધિત ૫૦ થી વધુ રિપોર્ટ્સ કરી આપવામાં આવે છે. ક્લિનિકલ માઈક્રોબાાયોલોજી અને ઈન્ફેક્શન સબંધી રોગો માટે ૪૦ થી વધુ રિપોર્ટ્સ સુવિધા ઉપલબ્ધ છે. અત્યાધુનિક એન્થ્રોપોલોજી લેબોરેટરીમાં કુપોષણ, ઓબેસીટી અને ગ્રોથ રીટાર્ડેશન જેવા રોગોના નિદાન, ફોરેન્સિક મેડીસીનની મદદથી લેબોરેટરીમાં અજાણ્યા અસ્થિઓમાં રહેલા રહસ્યો ઉકેલી શકાશે. ફેફસાની કાર્યક્ષમતાનો ક્યાસ કાઢી આપતા મશીન ‘‘બોડી પ્લેથિસ્મોગ્રાફી‘‘ તેમજ ફેફસા અને હૃદયને લગતા રોગના નિદાન માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

એઈમ્સ ખાતે ટ્રોમા અને ઈમરજન્સી વિભાગ, લેબ, એક્સ-રે, એમ.આર.આઈ. રેડિયોલોજી વિભાગ, ગાયનેક વિભાગ, સર્જરી વિભાગ કાર્યરત છે અને અન્ય સેવાઓ સમયાંતરે શરુ કરવા રાજકોટ એઈમ્સ આગળ વધી રહી હોવાનું ડો. કટોચે જણાવ્યું છે.

એઈમ્સ ખાતે ગંભીર રોગના દર્દીઓને નિદાન તેમજ સારવાર માટે જરૂરી સીટી સ્કેન, અલ્ટ્રા સાઉન્ડ મશીન હાલ ઉપલબ્ધ બન્યા છે, જેનું ઈન્સ્ટોલેશન કામગીરી પૂર્ણ થતા આશરે બે માસના સમય ગાળામાં આયુષ્માન ભારત સેવાનો લાભ દર્દીઓને મળવાનો શરુ થઈ જશે.

### ધારાસભ્યની ગ્રાન્ટમાંથી વોર્ડ-઼૬માં બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં

# રૂ.૪૫ લાખથી વધુના ખર્ચે પેવિંગ બ્લોક તથા અલગ-અલગ કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

## વોર્ડ-૬માં વિવિધ વિકાસ કાર્યોના ખાતમુર્હુત કરવામાં આવેલ છે આ વિકાસ કાર્યો થકી લોકોના સુખ,સુખાકારી અને સગવડતામાં વધારો થશે



રાજકોટ,તા.૫

ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી વિધાનસભા-૬૮, વોર્ડ-૬ માં બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા રૂ.૪૫ લાખથી વધુના ખર્ચે પેવિંગ બ્લોક તથા અલગ-અલગ કામનું ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, વોર્ડના કોર્પોરેટરો પરેશ પીપળીયા(પી.પી.), મંજુબેન કુંગશીયા, વોર્ડપ્રભારી રસિકભાઈ પટેલ, પ્રમુખ અંકિત દુધાત્રા, મહામંત્રી અનિલ ચૌહાણ, હરેશ ધંધુકિયા, તેમજ વિરમભાઈ સાંબડ, પરાગ મહેતા, ઘનશ્યામભાઈ કુંગશીયા સહિતના સાથે સ્થાનિક રહેવાસીઓ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડનું વિસ્તારની નાની બાળાઓ ધ્વારા કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# બજેટના કામો ક્યાં પહોંચ્યા? સમીક્ષા બેઠકો શરૂ



રાજકોટ, તા.૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટે કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવી હતી. જે બેઠકમાં ના.કમિશનર, સીટી એન્જીનીયર, તથા લગત અધિકારીઓ સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી. જયમીન ઠાકર દ્વારા આવનારા દિવસોમાં પણ બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓનું સમયબધ્ધ અમલીકરણ થાય તે નકકી કરવા માટે લગત અધિકારીઓ સાથે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ મિટીંગમાં સ્વપનીલ ખરે, સી.કે. નંદાણી, એચ.આર. પટેલ, ટી.પી.ઓ. એસ.એમ. પંડ્યા, સેક્રેટરી એચ.પી. રૂપારેલીઆ, ડે.સેક્રેટરી ડી.એન. જેસડીયા, આસી. સેક્રેટરી એચ.જી. મોલીયા તેમજ સીટી એન્જી. અતુલ રાવલ, પરેશ અઢીયા, કુંતેશ મહેતા, વાય.કે. ગોસ્વામી, કે.પી. દેથરીયા, બી.ડી. જીવાણી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.



# કુમકુમના પગલાં પડ્યા... માડી નાં હેત ઢળ્યાઃ ગોપી રાસોત્સવમાં થઈ જમાવટ

રાજકોટ,તા.૫

પ્રથમ નોરતે આરતીનો લાભ વજુભાઈ વાળા (પૂર્વ રાજ્યપાલ કર્ણાટક), કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ સભ્ય રામભાઇ મોકરીયા, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અગ્રણી મહેશભાઈ રાજપુત, મનીષભાઈ માડેકા (રોલેક્ષ કંપની- ચેરમેન) આ તમામ મહાનુભાવો ના હસ્તે આરતી કરવામાં આવેલ.

આજના ઇનામો યુ.કે. બ્રાભરણીયા (), અમિતભાઈ ગોહેલ,, ઘનશ્યામભાઈ પરસાણા, કાશ્મીરાબેન નથવાણી, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, સુધાબેન ભાયા, અલકાબેન કામદાર, ભાવનાબેન બગડાઈ, માયાબેન પટેલ, ગીતાબેન હિરાણી, છાયાબેન દવે વગેરે મહાનુભાવો ના હસ્તે વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. સરગમ લેડીઝ કલબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવમાં રોજેરોજ જમાવટ થઈ રહી છે.

### સરગમ ક્લબ તેમજ લંડન ''મા કૃપા ફાઉન્ડેશન'' ના સયુંકત ઉપક્રમે

# દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પ યોજાયો

## ત્રણ દિવસ કેમ્પ માં ૮૬ દર્દી એ લાભ લીધો



રાજકોટ,તા.૫

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લંડન ''મા કૃપા ફાઉન્ડેશન'' જયંતિભાઈ ખંગ્રામ ના સયુંકત ઉપક્રમે તા.૧/૧૦/૨૦૨૪ થી ૩/૧૦/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૬ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૮ લેગ (પગ) નાં દદી ૩૬અને રીપેરીંગ ૧૨ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામ એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પમાં અમોને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ. રશ્મીભાઈ શાહ, અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે.આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ જતથા જયંતિભાઈ ખંગ્રામ તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ અલકાબેન કામદાર, ભાવનાબેન મહેતા, ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા. મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, ગીતાબેન ઉનાગર વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. દિવાળી તહેવાર ને અનુલક્ષી ને આગામી કેમ્પ તા.૭/૧૧/૨૦૨૪ થી ૦૯/૧૧/૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# ૧૧ વોર્ડના પ્લોટમાં ૧.૬૮ લાખ વૃક્ષોનું થીમ ફોરેસ્ટ બનાવાશેઃ વધુ ૧.૬૪ કરોડના ખર્ચે સઘન વૃક્ષારોપણ

### બાવન હજાર ચો.મી. જગ્યામાં મીયાવાકી પ્લાન્ટેશનઃ નીલ સીટીમાં પણ ૫૦૦ વૃક્ષ રોપવા સદભાવના ટ્રસ્ટને કામ

રાજકોટ, તા.૫

મનપા દ્વારા એક પેડ મા કે નામ યોજના અંતર્ગત શહેરના જુદા જુદા સ્થળે ઘનિષ્ઠ વૃક્ષારોપણ અને મીયાવાકી પ્લાન્ટેશન કરવાનું નવું કામ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સદભાવના વૃધ્ધાશ્રમ)ને સોંપવા દરખાસ્ત આવી છે.



સ્થાયી સમિતિની મળી રહેલી મીટીંગમાં મૂકાયેલી દરખાસ્તની વિગત મુજબ પર્યાવરણ સુરક્ષામાં યોગદાન આપવા અને તમામ નાગરિકો આગળ લાવવા અભિયાન શરૂ થયું છે. શહેરમાં આવેલી જુદી જુદી ખુલ્લી જગ્યાઓમાં ટીપી પ્લોટમાં મીયાવાકી પધ્ધતિથી થીમ ફોરેસ્ટ, ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરી ચાર વર્ષ નિભાવણી કરવાના કામ માટે પ્રતિ ચો.મી. રૂ.૩૧૦ લેખે કામ આપવા ઠરાવ થયેલો છે.

શહેરમાં અંદાજીત ૫૨૦૦૦ ચો.મી. ખુલ્લી જગ્યામાં અંદાજીત ૧૬૮૪૦૦ વૃક્ષો વાવવા ૧.૬૧ કરોડનો ખર્ચ કરાશે. ૪૫૪૦ ચો.મી.માં ૫૦૦ વૃક્ષ પ્રતિ નંગ ૬૪૦ લેખે નિભાવણી સાથે ૩.૨૦ લાખ મળી ૧,૬૪,૪૦૦૦૦નો ખર્ચ કરવામાં આવશે. જુના ભાવ મુજબ આરસી ભાવથી આ કામ કરાવવાનું હોય, કરારનામામાંથી મુકિત આપવા દરખાસ્ત રજૂ થઇ છે.

ટીપીના જુદા જુદા પ્લોટ વોર્ડ નં.૨માં ભાવના સોસાયટી, ૩માં સાધુ વાસવાણી કુંજ રોડ, ૪માં ૮૦ ફુટ રોડ પર નાથદ્વારા પાર્ક પાછળ, ૯માં ડેકોરા સ્કાય હીલ સામે, ૧૧માં કણકોટ ૬૦ ફુટ રોડ, ૧૨માં સત્યમ હિલ્સ પાછળ, ૧૮માં જીત ઇન્ડ., કોઠારીયા, વાવડી અને રૈયામાં આ વૃક્ષારોપણ કરાશે તો વોર્ડ નં.૧૦માં નીલસીટીમાં ૫૦૦ વૃક્ષ રોપવામાં આવશે.

# દશેરા પૂર્વે મીઠાઇના નમુના લેવાનું શરૂ

### જુદી જુદી ડેરીમાંથી લાડુ, બરફી, થાબડી, માવાનું સેમ્પલીંગ : ખાણી પીણીની ૧૫ દુકાનોમાં ચેકીંગ



રાજકોટ, તા.૫

મનપા ફૂડ વિભાગની ટીમે આ વર્ષે દશેરા પૂર્વે જ મીઠાઇના નમુના લેવાનું શરૂ કર્યુ હોય તેમ અર્ધો ડઝન સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલ્યા છે. કોઠારીયા હરી ઘવા રોડની બાપા સીતારામ ડેરીમાંથી મીઠો માવો અને થાબડી, ગાયત્રીનગર મેઇન રોડની બલરામ ડેરીમાંથી મોદક લાડુ, ગાયત્રીનગર મેઇન રોડની રાધેશ્યામ ડેરીમાંથી મોદક લાડુ, મોરબી રોડ સેટેલાઇટ ચોક પાસેની શ્રી ગેલ માં ડેરી ફાર્મમાંથી સ્ટ્રોબેરી બરફી, મોરબી રોડ, સીતારામ સોસાયટીની જે.જે.સ્વીટ એન્ડ ડેરીમાંથી મીઠા માવાનો નમુનો લેવાયો હતો.

આ ઉપરાંત સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ભક્તિ આશ્રમ હોકર્સ ઝોન ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી સામેના વિસ્તારમાં ૧૫ ધંધાર્થીને ત્યાં ૩૯ ફૂડ સેમ્પલની ચકાસણી કરાઇ હતી. તો સાત ધંધાર્થીને લાયસન્સ માટે સૂચના અપાઇ હતી.

જેમાં ક્રિષ્ના દાળપકવાન યશ ઘૂઘરા ભેરુનાથ ગુલ્ફી આઇસક્રીમ ઉસ્તાદ લાઈવ ચાઇનીઝ પંજાબી (૧૨)પીઠડ પાઉંભાજી બાપાસીતારામ આલુપુરી-ખાવસા બાલાજી ઢોસા કનૈયા દાળપકવાનમાં પણ તપાસ કરાઇ હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ગુજરાતમાં નહીં તો શું પાકિસ્તાનમાં જઈને ગરબા રમીશું ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિરોધીઓને શબ્દોથી ધોઈ નાખ્યા

## મોડે સુધી ગરબા રમવાના પ્રશ્ને સવાલો ઉઠાવનારાને ટોણો મારતા યુવા મંત્રી



અમદાવાદ તા.૫ નવરાત્રીમાં ગરબા રમવાની છુટને લઈને હાલ રાજકારણ ગરમાયું છે. આ મામલે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આખી રાત ગરબા રમવાની છુટ આપી હતી તેમણે જાહેરાત કરી હતી કે, ગુજરાતીઓ મોડી રાત સુધી ગરબા રમી શકે તે પ્રમાણેનું સરકારે આયોજન કર્યુ છે. ત્યારે પોલીસે જાહેરનામુ બહાર પાડયુ હતુ તેમાં પોલીસે ૧૨ વાગ્યા સુધીની છુટ આપી હતી જેને લઈને વિડંબણા ઉભી થઈ હતી ત્યારે ગત રાત્રે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ હુંકાર કરતા કહ્યુ હતુ કે, મોડે સુધી ગરબા રમવાની મંજૂરી આપી તો કેટલાક લોકોના પેટમાં દુખવા માંડ્યુ , મારા ગુજરાતી ભાઈઓ ગુજરાતમાં નહીં તો શું પાકિસ્તાનમાં ગરબા રમશે? ગુજરાતીઓ સાવરે



૫ વાગ્યા સુધી ગરબા રમી શકશે, ત્યારે આ મામલે બનાસકાંઠાના ગેનીબેન ઠાકોરે પણ ગતરોજ નિવેદન આપ્યું હતુ જેમાં તેમને હર્ષ સંઘવીની આ છુટ મામલે સવાલ ઉઠાવ્યા હતા તેમજ સવાર સુધી ગરબા રમાડવામાં ગૃહ વિભાગ કાયદો વ્યવસ્થા સાચવવા માટે સક્ષમ નથી તેમ પણ જણાવ્યું હતું. નવરાત્રીના પહેલા દિવસે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં ગરબાના ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી. તેમણે વિવિધ સ્થળોએ જઈને નોરતાની તૈયારીઓ પર નજર મારી હતી. હાલ એમના નિવેદનનો એક વિડીયો વાયરલ થઇ રહ્યો છે.

ગરબામાં ખેલૈયાઓ વચ્ચે પહોંચેલા હર્ષ સંઘવીએ હુંકાર ભરીને કહ્યું હતું કે ગરબા ગુજરાતમાં નહીં, તો શું પાકિસ્તાનમાં રમીશું? હર્ષ સંઘવીએ કહ્યું કે, સરકારે તમને મોડે સુધી ગરબા રમવા દેવાની છૂટ આપવાની વાત કરી તે સાંભળીને અનેક લોકોના પેટમાં પેટમાં દુખવા માંડ્યું, એનું શું કરવું? એ ગુજરાતમાં નહીં તો શું પાકિસ્તાનમાં જઈને ગરબા રમવાના અમારે?

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સવારે ૫ વાગ્યા સુધી ગરબા રમવાની છુટ આપતા આ મામલે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે પ્રતિક્રિયા આપી છે તેમણે કહ્યું કે, સમગ્ર ગુજરાતમા ૧૨ વાગ્યા સુધી ગરબા થાય તે બરાબર હતુ, ૫ વાગ્યા સુધી ગરબા રમવાની છુટ આપીને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી કે, ગૃહ ખાતું કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સક્ષમ નથી અને છતા પણ ૫ વાગ્યા સુધી ગરબા રમવાની છુટ આપી છે તેના કારણે મને લાગે છેકે, યુવા ધન ક્યાંકને ક્યાંક અન્ય બદીઓમાં ન આવે તે પણ સૌની જવાબદારી છે.

# નવરાત્રીમાં નાગરીકોની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત પોલીસ સજ્જ

### બહેન–દીકરીઓ ભયમુક્ત ગરબે ઘૂમી શકે તે માટે રાજ્યભરમાં ૭૩૭ શી–ટીમ મેદાનમાં રહેશે

રાજકોટ. તા.૦૫

રાજ્યભરમાં ગઈકાલે નવરાત્રીની ધામધૂમ પૂર્વક શરૂઆત થઈ છે. નવરાત્રીના ૯ દિવસ યુવાનો-યુવતીઓ અબાલ વૃદ્ધ સૌ કોઈ મન મુકીને ગરબા રમી માં અંબાની આરાધના કરે છે. નવરાત્રીના આ તહેવારોમાં નાગરીકોની ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત પોલીસ ખડે પગે તૈનાત છે. બહેન-દીકરીઓ ભયમુક્ત ગરબે ઘૂમી શકે તે માટે રાજ્યભરમાં ૭૩૭ શી-ટીમ મેદાનમાં સતત અવાર તત્વો પર નજર રાખશે.નવરાત્રી દરમિયાન દરેક મહિલાઓ અને દીકરીઓ સુરક્ષિત રીતે ભયમુક્ત વાતાવરણમાં ગરબા રમીને ઘરે પરત જઈ શકે તે માટે ગૃહ વિભાગ દ્વારા તમામ શહેર-જિલ્લાઓમાં મળીને કુલ ૭૩૭ શી ટીમ તૈનાત કરવામાં આવી છે. આ શી ટીમ પરંપરાગત પહેરવેશમાં ફરજ બજાવશે. કોઈપણ સ્થળે છેડતીના બનાવો ના બને અને દીકરીઓ સુરક્ષિત રીતે ગરબા રમી શકે તે માટે આ ટીમો સતત ચાંપતી નજર રાખશે. આ ઉપરાંત અવાવરું જગ્યાએ સતત પેટ્રોલિંગ પણ કરશે અને ઘરે જવા માટે કોઈ બહેન દીકરીઓને રાત્રે વાહન ન મળે તો ૧૦૦ અથવા ૧૮૧ નંબર પર ફોન કરવાથી તેઓને મદદ પણ કરવામાં આવશે.નવરાત્રી પર્વ દરમ્યાન તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. કંટ્રોલરૂમમાંથી બારીકાઈથી સીસીટીવી કેમેરા દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જેનું ઉચ્ચ પોલીસ અધિકારી કક્ષાએ સતત સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે. નવરાત્રી દરમ્યાન તમામ શહેર-જિલ્લા ખાતે ૫૧૫૨ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

ગરબા રમવા અને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે જેના કારણે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત અવરજવર રહેતી હોય છે. જેને ધ્યાને લઇ આવા વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને ક્યાંય ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. શહેર વિસ્તારની સાથે સાથે ગામડાઓમાં યોજાતા ગરબા દરમિયાન વિશેષ તકેદારી રાખવા માટે જીઆરડી જવાનોને પણ તૈનાત કરાયા છે જેથી અંતરિયાળ વિસ્તારોમાં પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે.




# હેલ્મેટ નહિં પહેરનારને રસ્તા પર ઉભા રાખોઃ હાઈકોર્ટ

## ત્રણ વખત હેલ્મેટ કાનુનનો ભંગ કરનારના લાયસન્સ સસ્પેન્ડ કરવા આરટીઓને જણાવાશે ૧૦૦ ની દરખાસ્ત પણ થઈ ગઈઃ રાજયમા હવે હેલ્મેટ – કાનુન ભંગના ''હિસાબ'' મોબાઈલ એપ. આપશે

અમદાવાદ,તા ૪

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસની ખંડપીઠ દ્વારા ગુજરાત સરકારને સ્પષ્ટ રીતે મૌખિક આદેશ કરવામાં આવ્યો હતો કે જો લોકો હેલમેટના નિયમોનું ઉલ્લંઘન કરતા હોય અને રાજી ખુશીથી દંડ ભરીને ચાલતા થવા તૈયાર હોય તો બીજો રસ્તો અપનાવો. ઓફિસના સમય દરમિયાન તમે તેમને રોકી રાખો, ભલે તેમને મોડું થાય, ઓફિસમાં તેમને ઠપકો પડશે એટલે ખબર પડશે કે હવે હેલમેટ પહેરો.



બીજી બાજુ અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર પણ બન્ને તરફ અવર-જવર હોય છે તો ત્યાં ચેક પોસ્ટ ઉભી કરીને લોકોને હેલમેટના નિયમોનો અમલ કરાવો. આ ઉપરાંત ટેકનોલોજીનો અમલ કરવા ઉપર પણ ચીફ જસ્ટીસે ભાર મુકીને વધુ સુનાવણી આવતા શુક્રવારે રાખી હતી. કેસની વિગતો મુજબ ટ્રાફિક સમસ્યા, રસ્તાઓ અને ફ્લાય ઓવર બાબતે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અકજી ચાલી રહી છે.

તેમા ગત શુક્રવારે હાઈકોર્ટ દ્વારા હેલમેટના નિયમનો કડકાઈથી અમલ કરવાનો આદેશ આર્યો હતો. આજે સુનાવણીની શરૂઆત થઇ તે સાથે જ હાઈકોર્ટે એડવોકેટ જનરલને ટકોર કરી હતી કે, હેલમેટના નિયમનું અસ્તિત્વ જ રહ્યું નથી જાણે. આજે હું હાઈકોર્ટ આવતી હતી ત્યારે કારમાંથી કેટલાક ફોટો લીધા છે.₹હું આપને બતાવી શકું છું. કારની બન્ને બાજુ દ્વીચક્રી વાહનોની હાર હતી તેમાંથી માત્ર ત્રણ ચાર જણએ જ હેલમેટ પહેરેલા હતા. રસ્તાની બન્ને બાજુ વીઆઈપી બંદોબસ્ત માટે ટ્રાફિક જવાનો હતા પરંતુ કોઈ દરકાર લેતુ નહોતું. તમે ચાહો તો તમને ફોટો બતાવી શકું છું.

એડવોકેટ જનરલ દ્વારા હાઈકોર્ટને માહિતી આપવામાં આવી હતી કે, તેઓએ પગલા લેવાના શરૂ કરી દીધા છે જેમાં બે હજાર જેટલા લોકો સામે કેસ કર્યા છે અને તે પૈકી ત્રણ વખત હેલમેટના નિયમનો ભંગ કરનારનો લાઇસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવા માટે આરટીઓને દરખાસ્ત કરી છે. આથી કોર્ટે કહ્યું હતું કે, આ બાબતે ઝીરો ટોલરન્સ પોલિસી હોવી જોઈએ.

દહેરાદુનમાં પણ લોકો હેલમેટ પહેરે છે કારણ કે તેમને પકડાઇ જવાનો ભય છે. દિલ્હી, મુંબઇ અને દહેરાદુન જેવા શહેરોમાં પણ લોકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા પહેલા વિચાર કરે છે. અમે હજાર લોકોને જેલમાં મોકલવા માગતા નથી. પરંતુ કાયદાનો ભય જરૂરી છે.

એડવોકેટ જનરલ દ્વારા હાઈકોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, એક મોબાઇલ એપ્લીકેશન ડેવલપ કરવામાં આવી છે. જો કોઈ વાહન ચાલક હેલમેટ વગર પકડાશે અને તેનો વાહન નંબર મોબાઇલ એપ્લીકેશનમાં નાખવામાં આવશે તો તરત જ ખબર પડી જશે કે હેલમેટના નિયમનો કેટલી વખત ભંગ કર્યો છે. જો ત્રણ વખત થી હેલમેટ પહેર્યા વગર પકડાયા હશે તો વાહનનો નંબર સીધો જ આરટીઓને મોકલી આપવામાં આવશે અને તેમનું લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે.

હેલમેટના નિયમની ચર્ચા દરમિયાન ચીફ જસ્ટીસ દ્વારા હળવા સૂરમાં સૂચના કરવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિને ક્યાંક જવું છે તે કાયમ ઉતાવળમાં જ હોય છે અને તેને દસ થી પંદર મિનિટ પણ ઉભા રાખશો તેને ખબર પડશે કેતો કોણ બબાલમાં નહી પડે અને બીજી વખત પહેરી લઇએ તેવું વિચારશે. આથી આ રીતે કાર્યવાહી થવી જોઇએ.

હાઈકોર્ટે સરકારને સૂચન કર્યું હતું કે, જો દંડની કામગીરીના વિકલ્પમાં વિચારીએ તો ઓફિસના સમયગાળા દરમિયાન સવારે ૧૦ થી ૧૦.૩૦ દરમિયાન હેલમેટ વગરના ચાલકને રોકો અને તેને દસ થી પંદર ઉભા રાખો. તેને ઓફિસ પહોંચવામાં વિલંબ થશે અને ઓફિસથી ઠપકો મળશે એટલે આપોઆપ ખબર પડશે કે હેલમેટ પહેરવું જોઇએ. માત્ર દંડ કરવાથી કામ નહી ચાલે તેમને રોકી રાખો.

દરમિયાન ચીફ જસ્ટીસ અને સાથે બેઠેલા જસ્ટીસ પ્રણવ ત્રિવેદીએ થોડ ક્ષણો માટે મસલત કરી હતી અને પછી કહ્યું હતું કે, અમે એક પરિપત્ર બહાર પાડીને હાઈકોર્ટના કર્મચારીઓ માટે હેલમેટ ફરજીયાત બનાવવા માટે વિચારી રહ્યા છીએ અને જો કોઈ પકડાશે તો તેમની પાસેથી દંડ વસૂલ કરાશે અને પગલાં લઇશું. આથી એડવોકેટ જનરલે આ નિર્ણયને આવકાર્યો હતો અને બીજી કચેરીઓમાં પણ આવું થવું જોઇએ તેવો મત વ્યક્ત કર્યો હતો. દરેક નોકરીદાતાઓએ આવો નિર્ણય લેવો જોઇએ.

# પુરવઠાનાં વેપારીઓની-હડતાલ ચોથા દિવસે યથાવત

## રાજકોટ સહિત અનેક સ્થળોએ વેપારીઓએ રજૂઆતો કરી વિરોધ પ્રગટ કર્યો સરકાર અને વેપારીઓ વચ્ચે દાવા-પ્રતિદાવા શરૂ સરકાર કહે છે કે ૩૭૪૫-વેપારીઓએ ચલણ જનરેટ કર્યા ૨૦૮૨-વેપારીઓએ પેમેન્ટ પણ ભર્યું વેપારી સંગઠને સરકારી દાવાને ફગાવ્યો સાંજે પૂરવઠા સચિવની ડીએસઓ સાથે વીડિયો કોન્ફરન્સ



રાજકોટ, તા.૪

૨૦ હજાર કમિશન માટે સરકારે રાખેલી ૯૭ ટકા ફરજીયાત વિતરણની શરત સામે હડતાળ ઉપર ઉતરેલા રાજ્યનાં ૧૭ હજાર જેટલા રેશનીંગનાં વેપારીઓ સંગઠ્ઠનની ગઇકાલે સરકાર સાથે સમાધાન બેઠક પડી ભાંગ્યા બાદ આજે સતત ચોથા દિવસે પણ વેપારીઓની હડતાલ યથાવત રહેતા અસંખ્ય લાભાર્થીઓ હેરાન-પરેશાન થયા હતા.

દરમ્યાન આજ રોજ વેપારી સંગઠને રાજકોટ સહિત રાજ્યમાં ઠેર ઠેર તાલુકા મથકોએ મામલતદારોને આવેદન પાઠવી વિરોધ પ્રગટ કર્યો હતો.

દરમ્યાન વેપારીઓની હડતાલ વચ્ચે સરકાર અને વેપારી સંગઠન વચ્ચે દાવા-પ્રતિદાવા પણ શરુ થઇ ગયા છે.

રાજ્યના પુરવઠા વિભાગનાં ઉચ્ચ અધિકારીઓનાં જણાવ્યા મુજબ આજે સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ૩૭૪૫ વેપારીઓએ સિંગતેલના ચલણ જનરેટ કર્યા હતા. જ્યારે ૨૦૯૨ વેપારીઓએ પેમેન્ટ પણ ભર્યુ હતું.

બીજી તરફ વેપારી એસો.એ સરકારી દાવાને ફગાવી જણાવેલ હતું કે હડતાલ યથાવત છે અને વેપારીઓની એકતા અકબંધ છે.દરમ્યાન આજરોજ વેપારી સંગઠને રાજકોટ તાલુકા મામલતદારને આવેદનપ પાઠવી સરકારી નીતિ સામે વિરોધ દર્શાવેલ હતો.

આ આવેદનમાં જણાવેલ હતું કે, રાજકોટ તાલુકા ફેર પ્રાઇસ શોપ્સ એસો.એ ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ્સ એસો. સાથે જોડાયેલ છે. અમારા બંને એસો.ના નીતિ, રીતિ અને ધ્યેય એક છે. માટે અમે લોકો ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ્સ. એસો.ના અસહકારની ચળવળના એલાનની સાથે છીએ તથા એમના તરફથી જે નિર્ણય લેવામાં આવશે એ મુજબનો અમારો નિર્ણય રહેશે. ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ્સ એસો.એ ૧લી ઓક્ટો.થી જે અસહકારની ચળવળનું આવેદન મુખ્યમંત્રી તેમજ સચિવને આપેલું છે તે આવેદન મુજબ અમો પણ આવેદન પાઠવીએ છીએ.

મામલતદારને આવેદન પાઠવાયા બાદ વેપારી એસો.ના હોદેદારોએ જણાવેલ હતું કે સરકારે અમોને અમારા પ્રશ્નો માટે અનેક વખત વચનો આપ્યા છતાં હજુ સુધી તેનું સંપૂર્ણ પાલન કરાયું નથી. આથી આ વખતે અમારી લડત મક્કમ છે અને પ્રશ્નનો કાયમી હલ નહીં આવે ત્યાં સુધી હડતાલ યથાવત રહેશે.

# બિલ્ડરોએ રીયલ એસ્ટેટ પ્રોજેકટની જાહેરાતોમાં હવેથી QR કોડ આપવો ફરજિયાત

### જાહેરાત કે બ્રોશરમાં પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન નંબર અને વેબસાઈટ સરળતાથી વાચી શકાય તે રીતે મોટા અક્ષરમાં દર્શાવવા ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો આદેશ




રાજકોટ,તા.૪

રીયલ એસ્ટેટ પ્રોજેકટોની જાહેરાતોમાં હવેથી બિલ્ડરોએ રેરા વેબસાઈટની યુઆરએલ તથા રજીસ્ટ્રેશન નંબર દર્શાવવાની સાથે કયુઆર કોડ પણ બિલ્ડરોએ ફરજિયાત દર્શાવવાનો રહેશે.

આ અંગે ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના ખાસ સચિવ દ્વારા નવો પરિપત્ર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. જે અંતર્ગત બિલ્ડરોએ તેમના રીયલ એસ્ટેટ પ્રોજેકટોની જાહેરાત કે બ્રોશરમાં દર્શાવવામાં આવેલ પ્રોજેકટ રજી.નંબર અને વેબસાઈટ સરળતાથી વાંચી શકાય તેવા હેતુથી કોન્ટેકટ ડીટેઈલ વધુ મોટા ફ્ન્ટ સાઈઝમાં વંચાય તે રીતે દર્શાવવાના રહેશે.

રીયલ એસ્ટેટની પ્રોજેકટ જાહેરાત તથા બ્રોશરમાં પ્રોજેકટ રજીસ્ટ્રેશનના પ્રમાણ પત્રમાં આપવામાં આવેલ કયુઆર કોડ સરળતાથી સ્કેન કરી શકાય તે પ્રકારે દર્શાવીને રીયલ એસ્ટેટ પ્રોજેકટની જાહેરાત બિલ્ડરોએ કરવાની રહેશે.

આ મામલે ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા તા.૧ ઓકટોબરથી આ નવો નિયમ અમલી કરી દેવામાં આવેલ છે. જેનું પાલન નહીં કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

# રાજકોટમાં મનપા મુખ્ય બિલ્ડીંગ, ગાંધી મ્યુઝીયમ, ઈન્ડોર સ્ટેડીયમ સહિતની મિલ્કતો ફાયર વગરની!

### દાયકાઓ જુના લગ્ન હોલ, લાયબ્રેરી, રેનબસેરામાં પણ પૂરતી ફાયર સુવિધા નથી
### અગ્નિકાંડ બાદ હવે ૭.૪૧ કરોડના ખર્ચે સુવિધા ઉભી કરવા કાલની સ્ટે.કમીટીમાં દરખાસ્ત

રાજકોટ, તા. ૪

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડ બાદ ફાયર સુવિધા અને સલામતીની વ્યવસ્થામાં ખુલેલી પોલ સાથે નવા કડક નિયમોનો અમલ શરૂ કરાયો છે ત્યારે મહાપાલિકાએ પુરા શહેરમાં પાત્રતા હેઠળની મિલ્કતોમાં આ નિયમોનો કડક અમલ શરૂ કરાવ્યો છે તો પોતાની માલિકીની અનેક મિલ્કતોમાં પણ આવી સુવિધા ન હોય, થોડા સમય પહેલા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં ફાયર સેફટીની સુવિધા વસાવી હતી.

હવે કોર્પો.ની માલિકીના મુખ્ય બિલ્ડીંગ સહિતના વધુ દોઢ ડઝન સંકુલમાં ફાયર ફાઈટીંગ સિસ્ટમ, ડિઝાઈનીંગ, સપ્લાય, ઈન્સ્ટોલ, ટેસ્ટીંગ અને કમિશનીંગ કરવાના કામ માટેની દરખાસ્ત સ્ટે.કમીટીમાં આવી છે.

કાલે શનિવારે મળનારી સ્થાયી સમિતિની મીટીંગમાં આ મિલ્કતોમાં ૭.૪૧ કરોડના ખર્ચે આ સલામતીની અનિવાર્ય સુવિધા આટલા વર્ષો બાદ વિકસાવાશે જેમાં લગ્ન હોલ, રમત ગમત સંકુલનો પણ સમાવેશ થાય છે.

મનપાનું સૌથી જુનુ ઓફિસ બિલ્ડીંગ ઢેબર રોડ પર (સેન્ટ્રલ ઝોન) આવેલું છે. આ જગ્યાએ ફાયર સેફટીની સુવિધા નિયમ મુજબ નહીં હોવાનો ખુદ ઈજનેરોનો રીપોર્ટ છે. અહીં સૌથી વધુ સ્ટાફ બેસે છે અને નાગરિકોની અવરજવર પણ વધુ છે. કમિશ્નર, મેયર સહિતના તંત્રવાહકોની પણ અહીં ઓફિસ છે. જે જી+૩ માળના સંકુલમાં માસ પબ્લીક ગેધરીંગ હોય ફાયર એસ્ટીંગ્યુશર છે. પરંતુ એનઓસી નથી.

હજુ બે દિવસ પહેલા જયાં ગાંધી જયંતિ ઉજવાઈ એ ૨૭ કરોડના ખર્ચે બનેલા અને વડાપ્રધાનના હસ્તે છ વર્ષ પહેલા ખુલ્લા મૂકાયેલા મહાત્મા ગાંધી મ્યુઝીયમમાં પણ આ જ સ્થિતિ છે. અહીં ગ્રાઉન્ડ+૧ માળનું બાંધકામ છે.

રેસકોર્સમાં આવેલા અને રમત-ગમત પ્રવૃતિથી ધમધમતા શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડીયમમાં પણ ફાયર એનઓસી નથી. આ સિવાય ખુબ જુની શેઠ હાઈસ્કુલ, કેટલાક કોમ્યુનિટી હોલ, રેનબસેરા, લાયબ્રેરીઓમાં પણ ફાયર એનઓસી નહીં હોવાનો રીપોર્ટ છે.

### વિદાય લેનારા ચોમાસાના સાયલન્ટ ફીચર્સ હવામાન વિભાગે જાહેર કર્યો

# સૌરાષ્ટ્ર - કચ્છ ચેરાપૂંજી બન્યા! દેશભરમાં સૌથી વધુ વરસાદ

## દેશના તમામ સબ ડીવીઝનોમાં સરેરાશ કરતાં ૭૫ ટકા વધુ વરસાદ સાથે સૌરાષ્ટ્ર-કચ્છ મોખરે

**અતિભારે વરસાદની ૬૬ ઘટના સાથે ગુજરાત દેશભરમાં ટોપ પર; ગત વર્ષ કરતાં સંખ્યા ડબલ થઈ ગઈ**

અમદાવાદ,તા.૫

ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસુ પાછુ ખેંચાઈ ગયાનું હવામાન વિભાગે જાહેર કર્યુ છે ચાલુ વર્ષે રાજયને ધમરોળનારા મેઘરાજાએ સરેરાશ કરતા ૮ ટકા વધુ વરસાદ વરસાવ્યો છે.

વિદાય પામેલા નૈઋત્ય ચોમાસાના મુખ્ય પાસાઓ વિશે હવામાન વિભાગે રીપોર્ટ જારી કર્યો છે. તેમાં એમ કહેવાયું છે કે ગુજરાતે સીઝન દરમ્યાન ૬૬ દિવસ અતિભારે વરસાદના બનાવોનો અનુભવ કર્યો હતો.

જે દરમ્યાન શહેર કે તાલુકામાં ચોવીસ કલાકનો વરસાદ ૨૦૪ મીમી છે. ૮ ઈંચ કરતા વધુ રહ્યો હતો. સમગ્ર ભારતમાં અતિભારે વરસાદના દિવસોની સંખ્યા ૩૦૦ નોંધાઈ છે તે દ્રષ્ટિએ તેમાંથી અતિભારે વરસાદની ૨૦ ટકા ઘટના માત્ર ગુજરાતમાં જ નોંધાઈ હતી.હવામાન વિભાગે સ્પષ્ટ કર્યુ કે અતિભારે વરસાદના દિવસે નહીં પણ ઘટનાઓને ગણતરીમાં લેવાય છે. એક જ દિવસમાં આથી વધુ ઘટનાઓ પણ બની હતી.

દેશના તમામ સબ ડીવીઝનોમાંથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ સરેરાશ કરતા ૭૫ ટકા વરસાદ નોંધાયો હતો.બીજા ક્રમે પશ્ચિમ રાજસ્થાનમાં સરેરાશ કરતાં ૭૨ ટકા તથા પૂર્વીય



રાજસ્થાન સરેરાશ કરતાં ૪૭ ટકા વધુ વરસાદ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું.રીપોર્ટમાં એમ દર્શાવાયું છે કે જુલાઈ માસમાં અતિભારે વરસાદની ૧૨ ઘટના બની તે મોટાભાગે સૌરાષ્ટ્રમાં હતી. ઓગસ્ટમાં આવી ૫૦ ઘટના કચ્છ-સૌરાષ્ટ્ર તથા મધ્ય-દક્ષિણ ગુજરાતમાં બની હતી. સપ્ટેમ્બરમાં આવી ચાર ઘટના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં નોંધાઈ હતી.

ગુજરાત સિવાય અતિ ભારે વરસાદના સૌથી વધુ ૩૭ ઘટનાક્રમ મહારાષ્ટ્રમાં તેલંગાણામાં ૨૭ તથા ત્યારબાદ ઉતરપ્રદેશ-કર્ણાટકમાં ૨૧-૨૧ ઘટના હતી.

ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી ગત વર્ષે ૨૦૨૩ માં અતિભારે વરસાદની ૩૦ ઘટના હતી તે આ વખતે ૬૬ થતા ડબલ કરતા વધી ગઈ છે.ગુજરાત હવામાન વિભાગના વડા અશોકકુમાર દાસે કહ્યું કે, અતિભારે વરસાદ વરસવા પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. સરેરાશ કરતાં વધુ વરસાદ ધરાવતા રાજયોમાં ગુજરાત મોખરે છે. આ વર્ષે બંગાળની ખાડી સતત રૌદ્ર સ્વરૂપ પકડતી રહી હતી. લો-પ્રેસરની ૧૪ અને ડીપ્રેસનની ૧૪ સીસ્ટમ બની હતી તે મોટાભાગે ઉતર પશ્ચિમ દિશામાં આગળ ધપતા ગુજરાત અને રાજસ્થાન ઝપટે ચડતા રહ્યા છે.₹આ વર્ષે ચોમાસું રેખા પણ નોર્મલ કરતાં દક્ષિણ તરફ ઝુકેલી રહી હતી. પરીણામે મધ્ય ભારત ક્ષેત્રમાં પ્રભાવ પડયો હતો. આ દિવસોમાં ગુજરાતના અનેક ભાગોમાં વરસાદી તાંડવ સર્જાયુ હતું.

# એક જ બિલ્ડીંગમાં હોટેલ-ઓફીસ પ્રોજેકટમાં છુટ

**■ રાજય સરકારે નવો કાયદો ઘડયો ૫૦ ટકા ઓફીસ અને ૫૦ ટકામાં હોસ્પીટાલીટી પ્રવૃતિ ફરજીયાત**



અમદાવાદ તા.૫

શહેરી વિકાસ તથા જમીનનાં મહતમ વપરાશ માટે સરકાર દ્વારા કાયદામાં સુધારા કરવામાં આવી જ રહ્યા છે. હવે એક જ ઈમારતમાં કોર્પોરેટ ઓફીસો તથા હોટેલ નિર્માણની છુટ આપવામાં આવી છે. ઈમારતમાં હોટલ અને ઓફીસમાં ૫૦-૫૦ ટકા ભાગ રહેશે.રાજયના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રેગ્યુલેશન ફોર કોર્પોરેટ ઓફીસ હોટેલ તથા મીકસ્ડ યુઝ ડેવલપમેન્ટ એકટ ૨૦૨૪ તૈયાર કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ કોર્પોરેટ ઓફીસો તથા હોટેલ એક જ બીલ્ડીંગમાં રહી શકશે. અને બન્નેને ૫૦-૫૦ ટકા ભાગ આપવાનો રહેશે.

હોસ્પીટાલીટી (હોટેલ) તથા કોમર્શીયલ એમ બન્નેમાં ઉપયોગ થઈ શકે તેવી ઈમારતોને મંજુરી આપવા અમદાવાદ સહીત રાજયભરનાં મહાનગરોના બીલ્ડરો-ડેવલપરો દ્વારા માંગણી કરવામાં આવતી હતી. જેને પગલે સરકાર દ્વારા તેમાં ફેરફાર કરાયા હતા.૨૦૧૬ ના સુધારા કાયદાને રદ કરીને મંત્રાલયનાં સંયુકત સચીવ પ્રકાશ દતાની સહીથી નવા નિયમો જારી કરવામાં આવ્યા છે. ગુજરાતમાં કોર્પોરેટ ઓફીસોનાં નિર્માણ માટે વધુ કંપનીઓ પ્રોત્સાહીત થાય. તેવો ઉદેશ હોવાનો દાવો કરાયો છે. આ કદમથી રાજય સરકારની આવકમાં પણ વધારો શકય બનશે.

નવા નિયમો હેઠળ ઈમારતનો ૫૦ ટકા ભાગ હોટેલ-હોસ્પીટાલીટી માટે રાખવાનું ફરજીયાત રહેશે. જેમાં મનોરંજન-શોપીંગ, રેસ્ટોરા રીક્રેશન જેવી પ્રવૃતિઓ સમાવી શકાશે. બાકીના ૫૦ ટકા ભાગનો કોર્પોરેટ કોમર્શીયલ ઉપયોગ ફરજીયાત રહેશે જેમાં મોલ-મલ્ટીપ્લેકસને આવરી શકાશે.આ મીસ્કડ યુઝ પ્રોજેકટ શરૂ કરવા માગતા બીલ્ડર-ડેવલપરોએ સંબંધીત તંત્ર સમક્ષ પ્રોજેકટ ફાઈલ રજુ કરવાની રહેશે.અને તેની એક નકલ રાજય સરકારને આપવી પડશે.આ સુધારા અંતર્ગત ફલેકસીબલ એફએસઆઈની છુટ રહેશે. જોકે કોર્પોરેટ ઓફીસો માટે પ્રિમીયમ એફએસઆઈની ૦.૭૨ ટકાની મર્યાદા રહેશે. આગ કે અન્ય કોઈ સંભવીત દુર્ઘટનાના સંજોગોનાં ધ્યાને રાખીને સુરક્ષાનાં પગલા લેવાના રહેશે.

આ નવા નિયમોમાં કેટલીક શરતો પણ રાખવામાં આવી છે. આ પ્રકારનો પ્રોજેકટ કરવા માગતી કંપનીએ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૦૦ કરોડનું રોકાણ કર્યુ હોવુ જોઈશે.જગ્યા લીઝ પર આવી નહીં શકાય કે ટ્રાન્સફર નહી થઈ શકે ઉપયોગમાં લીધેલી એફએસઆઈના ૫૦ ટકા પાર્કીંગ માટે રાખવી પડશે પ્રોજેકટ મંજુરી બાદ એક વર્ષમાં કામ ચાલૂ કરવુ પડશે.

**આ કદમથી રાજય સરકારની આવકમાં પણ વધારો શકય બનશેઃ નવા નિયમો હેઠળ ઈમારતનો ૫૦ ટકા ભાગ હોટેલ-હોસ્પીટાલીટી માટે રાખવાનું ફરજીયાત રહેશે**

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.05/10/2024 SATURDAY


### ૫૩૨ કામદારોની ભરતીના નિર્ણય બાદ સ્વચ્છતા સૈનિકોના હિતમાં વધુ એક નવી નીતિ બનાવતા કમિશ્નર અને સ્ટેન્ડીંગ ચેરમેન

# સફાઇ કામદારોને એડવાન્સ દિવાળી ભેંટઃ વારસદારોને નોકરી માટે મેડીકલ સર્ટી.માંથી મુક્તિ

### લાંબા સમયની માંગણીનો સ્વીકાર કરતી દરખાસ્તસ્થાયી સમિતિમાં મૂકાઇઃ સ્વૈચ્છિક નિવૃત્તિ પૂર્વે સિવિલના ધક્કા બંધ

રાજકોટ, તા.૫

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં ફરજ બજાવતા સફાઇ કામદારોને સેવા નિવૃત્તિ આપી તેઓની જગ્યાએ તેમના વારસદારોને નિમણુંક આપવા અંગેના નિયમોમાં ફેરફાર કરી, બિમારીના મેડીકલ અનફીટ સર્ટીફીકેટમાંથી મુકિત આપવા નિર્ણય લેવાયો છે.

કમિશ્નર દેવાંગ દેસાઇએ આવતીકાલે મળનારી સ્ટે.કમીટીની મીટીંગમાં આ દરખાસ્ત મોકલી છે. જે ભાજપ શાસકો મંજૂર કરે એટલે સેંકડો સફાઇ કામદારોને એડવાન્સમાં દિવાળીની ભેંટ મળી જશે. કામદારોની લાંબા સમયની માંગણી બાદ આ નીતિમાં ફેરફાર કરાઇ રહ્યો છે.

સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે આજે સ્ટે.કમીટી બોલાવવા એજન્ડા બહાર પાડયો હતો. કાલે શનિવારે સવારે ૧૧ કલાકે મળનારી મીટીંગના એજન્ડા પર કુલ ૪૫ દરખાસ્તો છે. જે અંગે ૫૩૨ સફાઇ કામદારોની ભરતી બાદ



વધુ એક મહત્વનો નિર્ણય ચેરમેન લેવાના છે. આ દરખાસ્ત અંગે વિગતો આપતા પદાધિકારીએ જણાવ્યું હતું કે સફાઇ કામદારોને વિસેક વર્ષના કામ દરમ્યાન કોઇને કોઇ બિમારીની અસર થતી હોવાનું અવારનવાર જોવા મળે છે. આથી કામ માટે કાયમી અશકત જાહેર થાય અથવા સફાઇ કામદારનું નોકરી દરમ્યાન અવસાન થાય, લાપત્તા હોય તેવા સંજોગોમાં કોઇપણ એક વારસદારને રહેમરાહે નોકરી આપવાનો નિયમ છે. આ પધ્ધતિ મુજબ વારસદારોને નોકરી આપવામાં આવે છે. પ્રારંભ રૂા. ૪૫૦૦ના ઉચ્ચક વેતન સાથે સફાઇ સહાયક અને ત્રણ વર્ષ બાદ નિયત પગાર ધોરણમાં નિમણુંક અપાઇ છે. પરંતુ મેડીકલ તપાસ માટે નિયત સમિતિ નિર્ણય લેતી હોય છે. અંતિમ અભિપ્રાય માટે સરકારી હોસ્પિટલના મેડીકલ રીપોર્ટ પરથી નિર્ણય લેવામાં આવે છે.

હવે ઓછામાં ઓછી ૨૦ વર્ષની નોકરી અને ૫૪ વર્ષની વય પૂરી કરી હોય તેવા અને સ્વૈચ્છિક નિવૃતિ લેવા માંગતા કામદારો પાસેથી મેડીકલ અનફીટ સર્ટીફીકેટનો આગ્રહ રાખ્યા વગર તેમની નિવૃતિ મંજૂર કરાશે. આ રીતે શરતોને આધીન તેમના કોઇ એક વારસદારને ફિકસ પગારથી હંગામી નિમણુંક આપી દેવામાં આવશે. વધુમાં અશકત કામદાર અંગેની અરજી માટે બનાવવામાં આવેલી કમિશ્નર, ડે.કમિશ્નર, આરોગ્ય અધિકારી, સેનીટેશન અને આરોગ્ય સમિતિ ચેરમેનોની સમિતિની પણ જરૂર ન હોય તે રદ્દ કરવા દરખાસ્તમાં ભલામણ કરાઇ છે. આવા કામદારો પાસેથી મેડીકલ સર્ટીફીકેટનો આગ્રહ રાખવાનો થતો નથી. આ દરખાસ્ત કાલે સ્ટે.કમીટીમાં મંજૂર થાય તે બાદ જનરલ બોર્ડમાં મૂકવામાં આવશે અને તે બાદ રાજય સરકારને મોકલવામાં આવશે તેમ ચેરમેને કહ્યું હતું.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વોર્ડ નં.૧૨માં જુદા જુદા સ્થળે ૬ આંગણવાડી બનાવવાની દરખાસ્ત કાલની મીટીંગમાં આવી છે. ૭૯ લાખના ખર્ચે આ આંગણવાડી બનાવવા ટેન્ડર પ્રક્રિયા મંજૂર કરાઇ છે.

જેનો એક હજાર લોકોને લાભ થશે. જે જગ્યાએ નવી આંગણવાડી બનશે તેમાં રસુલપરા-૩માં શકિતનગર પ્રા.શાળા, જશરાજનગર-૫માં ભવાની સરસ્વતી આંગણવાડી કેમ્પસ, કર્મચારી સોસાયટીમાં સંત પુનિત મહારાજ પ્રા.શાળા, સરસ્વતી ૨૫ ચો.મી.માં ભવાની સરસ્વતી આંગણવાડી, મવડી બાલવાડીમાં ભવાની સરસ્વતી કેમ્પસ અને સવીબેન બાલવાડીમાં સંત પુનિત મહારાજ પ્રા.શાળાનો સમાવેશ થાય છે.

# કૌટુંબિક જમીનની વહેંચણીના કિસ્સામાં રજીસ્ટર દસ્તાવેજ કરવો જરૂરી નથીઃ હાઇકોર્ટનો ચુકાદો

### કલેકટર અને રેવન્યુ સચિવે કરેલ પ્રમાણિક નોંધ રદ કરવાનો હુકમ વડી અદાલતે ફગાવ્યો ખેડૂતની અરજી મંજુર

રાજકોટ તા.૫

હાઇકોર્ટે જમીનની પ્રમાણિક નોંધ રદ કરવાના કિસ્સામાં મહત્વનો ચુકાદો આપ્યો હતો. કૌટુંબીક જમીનની વહેચણીના કિસ્સામાં વેચાણ દસ્તાવેજ કરવો જરૂરી નથી. તેમ નોંધી કલેકટર અને રેવન્યુ સચિવનો હુકમ રદ કર્યો હતો. આ કેસની વિગત મુજબ ચોટીલાના પીપળીયા (ધાધલ) ગામના ખેડૂત લાખાભાઇ દાનાભાઇ પંચાલની ખેતીની જમીનમાં ભાગ પાડી તમામ ભાઇઓને તેના હિસ્સાની જમીન આપવામાં આવી હતી. વર્ષ ૧૯૮૧માં જમીનની રેવન્યુ નોંધ થયેલ. જે પછી વર્ષ ૨૦૧૦માં સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરે આ નોંધ રદ કરી હતી.

સાથે જણાવેલ કે જમીન



ખાતે ચડાવવા રજીસ્ટર દસ્તાવેજ કરાવવો પડે. ખેડૂતે રેવન્યુ સચિવની કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી રેવન્યુ સચિવે પણ કલેકટરનો હુકમ કાયમી રાખી રિવિઝન અરજી રદ કરી હતી.

આ પછી ખેડૂતે હાઇકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરાવી હતી. જેમાં ખેડૂતના વકીલે કાયદાની છણાવટ સાથે દલીલો કરેલી કે કાયદો તમામ માટે એક સમાન છે. ૧૯૮૧માં થયેલી નોંધ લાંબા સમય બાદ વર્ષ ૨૦૧૦માં રદ કરવામાં આવી છે. અહીં સમય મર્યાદાનો કાયદો લાગુ પડે છે. આ કાયદામાં સરકારને પણ કોઇ વિશેષ અધિકારો અપાયા નથી. હાઇકોર્ટના જસ્ટીસ નિખિલ કારીલે ચુકાદો આપતા ઠરાવેલ કે કૌટુંબીક ખેતીની જમીનની વહેચણી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં જે તે સમયે રજિસ્ટર દસ્તાવેજ કરવો જરૂરી નથી.

આ કિસ્સામાં જમીન ખાતે ચડાવવા માટે પણ રજીસ્ટર દસ્તાવેજ કરાવવો જરૂરી નથી. કલેકટર અને મહેસૂલ સચિવની કોર્ટના હુકમો ભુલ ભરેલા હોય, બંને હુકમ રદ કરવા હાઇકોર્ટે હુકમ કર્યો હતો. આ કેસમાં અરજદાર ખેડૂત તરફે સિનિયર એડવોકેટ વજુભાઇ ડાયાભાઇ થોરીઆ રોકાયેલ હતા.

# ગુજરાત સહિત બીજેપીનાં અન્ય રાજ્યો કરતાં મહારાષ્ટ્રમાં ગાય માટે સબસિડી વધારે

મુંબઇ.તા.૫

મહારાષ્ટ્ર સરકારે ગૌશાળાઓમાં રખાયેલી દેશી ગાયો માટે દરરોજ ગાય દીઠ રૂ. ૫૦ ની સબસિડીને મંજૂરી આપી હતી. આ યોજના હેઠળ પ્રતિ વર્ષ રૂ. ૨૩૦ કરોડ ગાયો માટે આપવામાં આવશે.અન્ય ભાજપ શાસિત રાજ્યો જેવા કે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પશુ આશ્રયસ્થાનોમાં ગાયોને આપવામાં આવતી દૈનિક સબસિડીની કિંમત ૨૦ થી ૪૦ રૂપિયાની વચ્ચે છે જે મહારાષ્ટ્ર કરતાં ઘણી ઓછી છે. કેબિનેટે પશુ આશ્રયસ્થાનોને નાણાકીય સહાય પૂરી પાડતી અન્ય બે યોજનાઓ હોવા છતાં સબસિડીને મંજૂરી આપી હતી. આમ કરવાથી, તેને રાજ્યનાં નાણાં વિભાગને રદિયો આપ્યો હતો જેને વધારાની સબસિડીનો વિરોધ કર્યો અને ડુપ્લિકેશન તરફ ધ્યાન દોર્યું હતું.

પશુપાલન વિભાગે કેબિનેટ સમક્ષ દરખાસ્ત કરી હતી કે દેશી ગાયોને ટેકો આપવા માટે રાજ્યમાં નોંધાયેલ ગૌશાળાઓને ગાય દીઠ 30 રૂપિયાની સબસિડી ફાળવવામાં આવે, જેની સંખ્યા ઘટી રહી છે. તેને એમ પણ કહ્યું હતું કે અન્ય બે યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલી ગૌશાળાઓને સબસિડીમાંથી બાકાત રાખવી જોઇએ.


દરખાસ્ત પર વિચાર કર્યા પછી, કેબિનેટે ગાય દીઠ ૫૦ રૂપિયા પ્રતિ દિવસની સબસિડીને મંજૂરી આપી હતી, જે સૂચિત આંકડા કરતાં ૬૬ ટકા વધારે છે. આનાથી વાર્ષિક અંદાજિત ખર્ચ ૧૩૫ કરોડથી વધારીને ૨૩૦ કરોડ પ્રતિ વર્ષ થયો છે. આ ફેરફાર પશુપાલન મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટીલના સૂચન પર કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલા ખુદ મેદાનમાં આવ્યા પીધેલા તેમજ કાયદાનો ભંગ કરનાર સામે લાલ આંખ કરી



- જિલ્લા પોલીસનું નવરાત્રીમાં ચુસ્ત ચેકીંગ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલાનું ઓપરેશન સફળ રહેશો કાયદા ભંગ કરનાર પુરાશો જેલમાં
- ગૃહ મંત્રી હર્ષભાઈએ ચેતવણી આપી હતી કાયદામાં રહેશો ફાયદામાં રહેશો તે શબ્દોનું પાલન કરતી વલસાડ જિલ્લા પોલીસ

**સામના મિરરના પત્રકાર કાર્તિક બાવીશી સાથે જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે જિલ્લા પોલીસે જિલ્લામાં દારૂના નશામાં વાહન ચલાવતા તેમજ કાયદાનો ભંગ કરનાર ૧૬૩ વાહન ચાલકો સામે જિલ્લા પોલીસે કાર્યવાહી કરી હતી હજુ પણ ચુસ્ત ચેકીંગ ચાલુ રહેશે**



વલસાડ, તા. ૫ઃ (કાર્તિક બાવીશી દ્વારા) નવરાત્રીમાં આવારા તત્વો સામે વલસાડ પોલીસ આકરા મૂડમાં છે જે જરૂરી હતું લોકોને પડતી તકલીફ આવારા તત્વોથી તેનો પોલીસે સફાયો કર્યો છે.

ગૃહ મંત્રી હર્ષભાઈએ ચેતવણી આપી હતી કાયદામાં રહેશો ફાયદામાં રહેશો તે શબ્દોનું પાલન કરતી વલસાડ જિલ્લા પોલીસ વલસાડ પોલીસ દ્વારા નવરાત્રીના પ્રથમ દિવસે જિલ્લાના મુખ્ય માર્ગો ઉપર પોલીસ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરેક મુખ્ય માર્ગો ઉપર પસાર.થતા શંકાસ્પદ વાહન ચાલકોનું બ્રેથ એનેલાઈઝર વડે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લામાં દારૂના નશામાં વાહન ચલાવતા તેમજ કાયદાનો ભંગ કરનાર ૧૬૩ વાહન ચાલકો સામે જિલ્લા પોલીસે કાર્યવાહી કરી હતી નવરાત્રી દરમ્યાન યુવતીઓની સુરક્ષા માટે વધુ કડક વાહન ચેકીંગ કરવામાં આવશે.

વલસાડ જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ કડક ચેકીંગ હાથ ધર્યું હતું. વલસાડ સીટી પોલીસની ટીમે RPF પાસે રેલવે ઓવર બ્રિજ અને કલ્યાણ બાગ ઉપર બ્રેથ એનલાઈઝર મશીન સાથે વાહન ચેકીંગ હાથ ધરી ૭ જેટલા વાહન ચાલકો દારૂના નશામાં વાહન ચલાવતા ઝડપી પાડ્યા હતા. જ્યારે વલસાડ રૂરલ પોલીસની ટીમે ગુંદલાવ સહિત અલગ અલગ વિસ્તારમાંથી દારૂના નશામાં ૪ વાહન ચાલકોને દારૂના નશામાં વાહન ચલાવતા વલસાડ પોલીસની ટીમે ઝડપી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

વલસાડ પોલીસનું આકસ્મિત ચેકીંગ જોઈ દારૂના નશામાં વાહન ચલાવતા વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. નવરાત્રી દરમ્યાન યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા માટે આગામી દિવસોમાં વાહન ચેકીંગ વધુ કડક કરવામાં આવશે.

# રાજકોટ સ્ટેશન યાર્ડમાં ટ્રેનના ડીઝલ એન્જીનમાંથી ૪૨૫ લીટર ડીઝલની ચોરી કરનાર ચાર આરોપીઓની ધરપકડ

રાજકોટ, તા. ૫ઃ રાજકોટ ડિવિઝનના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) સ્ટાફની સતર્કતાને કારણે રાજકોટ યાર્ડમાં ટ્રેનના ડીઝલ એન્જિનમાંથી ૪૨૫ લીટર ડીઝલની ચોરી કરનાર ચાર આરોપીઓ ની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં રાજકોટ રેલ્વે સ્ટેશન યાર્ડમાં ટ્રેનના ડીઝલ એન્જીનમાંથી ડીઝલની ચોરી થયાની માહિતી ટ્રેનના લોકો પાયલોટ દ્વારા આરપીએફ સ્ટાફને આપવામાં આવી હતી. જે મુજબ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલાની તપાસ માટે આરપીએફ સ્ટાફની વિશેષ ટીમ બનાવવામાં આવી હતી અને તુરંત જ મોટા પાયે તપાસ શરૂ કરવામાં આવી હતી. આરપીએફ સ્ટાફ દ્વારા ઘટના સ્થળની આસપાસના વિસ્તારની તપાસ રેકીના માધ્યમ થી હાથ ધરવામાં આવી હતી. ઊંડી તપાસ અને વિશ્વસનીય સુત્રો પાસેથી મળેલી માહિતીના આધારે રાજકોટ પોસ્ટના આરપીએફ સબ ઈન્સ્પેક્ટર શ્રી અતુલકુમાર સિંઘ, શ્રી આશિષ બિરલે, શ્રી નરેન્દ્ર ગૌતમ, ક્રાઈમ બ્રાન્ચ રાજકોટના




સબ ઈન્સ્પેક્ટર શ્રી નિકુંજ પટેલ, રમેશ ચૈયા અને હેમંત ભાઈ તથા હેડ કોન્સ્ટેબલ શ્રી રઘુવીર જોગરાણા અને આજુ ભાઈએ શંકાસ્પદ બહારના લોકોને તપાસ માટે રાજકોટ પોસ્ટ પર બોલાવ્યા. રાજકોટના રહેવાસી આ ચાર વ્યક્તિઓ (૧) ફિરોઝ પુત્ર અયુબ ભાઈ જામનો (ઉંમર-૨૮ વર્ષ), (૨) સાહિલ પુત્ર યુનુસ ભાઈ (ઉંમર ૨૭ વર્ષ), (૩) ફૈઝલ પુત્ર ફિરોઝ ભાઈ (ઉંમર ૨૯ વર્ષ) અને (૪) સગીર છોકરો (ઉંમર ૧૭ વર્ષ) એ લાંબી પૂછપરછ બાદ પોતાનો ગુનો કબૂલી લીધો અને જણાવ્યું કે તેઓએ મોડીરાત્રે અન્ય મિત્ર મોહસીન સાથે રાજકોટ રેલ્વે સ્ટેશન યાર્ડ ની લાઇન નંબર ૮ પર ઊભેલા રેલ્વે ડીઝલ એન્જિનની ડીઝલ ટાંકીનું ઢાંકણું ખોલીને રબરની પાઇપની મદદથી ડીઝલની ચોરી કરી હતી. તેઓએ ચોરેલુ ડીઝલ પ્લાસ્ટિકના નવ કેરબામાં ભરીને ઓટો રીક્ષા અને ટુ-વ્હીલર સુઝુકી એક્સેસ માં મુકી મદ્રાસી ખાડા આજી નદી પાસેની ઝાડીઓમાં સંતાડી દીધું હતું. શંકાસ્પદ આરોપીએ આપેલી બાતમીના આધારે આરપીએફ સ્ટાફે આજી નદી પાસેની ઝાડીઓમાંથી સ્થળ પરથી ડીઝલ ભરેલા પ્લાસ્ટીકના ૦૯ નંગ કેરબા કબજે કર્યા હતા, જેમાં ૦૮ નંગ કેરબમાં જેમાં પ્રતિ કેરબા અંદાજે ૫૦ લીટર ડીઝલ અને ૦૧ નંગ કેરબામાં અંદાજે ૨૫ લિટર ડીઝલ ભરેલું જોવા મળ્યું હતું. આરપીએફએ ચોરીમાં વપરાયેલ સુઝુકી એક્સેસ વાહન (લગભગ રૂ. ૬૦,૦૦૦/-ની કિંમત) અને ૪૨૫ લિટર ડીઝલ (લગભગ રૂ. ૩૮,૬૭૫/-) સહિત કુલ રૂ. ૧.૨૮ લાખની કિંમતી વસ્તુઓ જપ્ત કરી લીધી છે . અન્ય ફરાર આરોપી મોહસીનની શોધ ચાલુ છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રી કમલેશ્વર સિંઘે આરપીએફ દ્વારા ઝડપી કાર્યવાહીની પ્રશંસા કરી છે.

# ધોરાજી તેલી હોસ્પિટલ ખાતે નિદાન કેમ્પ યોજાયો


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૫ઃ ધોરાજીમા જૂનાગઢ રોડ પર આવેલ તેલી હોસ્પિટલ ખાતે સેલ્બી હોસ્પિટલ ના સયુંક્ત ઉપક્રમે વિનામુલ્યે કેન્સર, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, સ્પાઈન, અને હાડકા ને લગતા તમામ પ્રકારના રોગોનું ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવેલ હતો. જેનો લાભ ૧૫૦થી વધારે દર્દીઓ એ લીધેલ હતું, અને જરૂરિયાત મંદ દર્દીઓના ઑપરેશન આયુષ્માન કાર્ડ હેઠળ વિનામૂલ્યે કરેલ હતા. આ તકે ધોરાજી ઉપલેટા ના પૂર્વ ધારાસભ્ય લલિત ભાઈ વસોયા, પી આઈ આર જે ગોધમ સાહેબ, હોસ્પિટલના ટ્રસ્ટી ઓ, અને ધોરાજીના મુસ્લિમ આગેવાનો એ પોતાની હાજરી આપી હતી.

તેલી હોસ્પિટલ ધોરાજી અને આજુબાજુ ના ગામડા ના લોકો માટે વરદાન સમાન છે, જે છેલ્લા ૧૦ વર્ષ થી કાર્યરત છે અને આયુષ્માન કાર્ડ હેઠળ બધી સારવાર આપે છે અને સી ટી સ્કેન અને સોનોગ્રાફીની સેવા પણ ઉપલબ્ધ છે.



યશરાજ સતિષભાઈ માવદિયા

**'સામના મિરર પરિવાર' તરફથી જન્મદિવસ દિવસની ખુબ ખુબશુભેચ્છાઓ**

# પ્રાચીન નવદુર્ગા આશ્રમ માખીયાળા ખાતે અખંડ નવ દિવસ રામાયણના પાઠ સાથે ૧૨૫ સતચંડી મહાયજ્ઞ અનુષ્ઠાનો પ્રથમ નોરતાથી પ્રારંભ

- **ધોરાજી જુનાગઢ વચ્ચે આવેલ શ્રી દિગંબર સંન્યાસ આશ્રમમાં શ્રી દિગંબર લાલુગીરીજી મહારાજના સાનિધ્યમાં ઉગ્ર તપસ્યા હાથ ધરી**
- **સમગ્ર ગુજરાતમાં એકમાત્ર સ્થાન છેલ્લા ૪૦ વર્ષથી અખંડ રામાયણના પાઠ અને ૧૨૫ સતચંડી મહાયજ્ઞ આશ્રમ દ્વારા યોજાય રહ્યો છે**


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી



ધોરાજી, તા. ૪ઃ ધોરાજીના પ્રાચીન શ્રી ચૈતન્ય હનુમાનજી આશ્રમ આહવાન અખાડા ખાતે છેલ્લા ૩૯ વર્ષથી નવરાત્રી મહોત્સવ માત્ર ધાર્મિક વિધિ દ્વારા યોજાઇ રહ્યો છે જેમાં ચિત્રકૂટ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા અખંડ ૨૪ કલાક નવ દિવસ સુધી રામાયણના પાઠ તેમજ ૧૨૫ સતચંડી મહાયજ્ઞ નું ભવ્ય આયોજન છેલ્લા ૩૯ વર્ષથી થઈ રહ્યું છે

આશ્રમના મહંત શ્રી દિગંબર લાલુગિરિજી મહારાજ ના સાનિધ્યમાં આ વર્ષે પણ નવરાત્રી અનુષ્ઠાન નો પ્રથમ નોરતાથી પ્રારંભ કરવામાં આવેલો હતો

આ સમયે પૂજ્ય શ્રી મહંત શ્રી દિગંબર લાલુ ગીરીજી મહારાજ એ જણાવેલ કે ધોરાજી શ્રી ચૈતન્ય હનુમાનજી આશ્રમ આહવાન અખાડા દ્વારા ધોરાજી થી ૧૩ કિલોમીટર દૂર આવેલ શ્રી દિગંબર સંન્યાસ આશ્રમશ્રી નવદુર્ગા પ્રાચીન મંદિર માખીયાળા ખાતે નવરાત્રી અનુષ્ઠાન નું આયોજન કરવામાં આવેલ

નવરાત્રિના પ્રથમ નોરતા એ ચિત્રકૂટ ના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા અખંડ ૨૪ કલાક નવ દિવસ સુધી રામાયણના પાઠ પ્રારંભ કરવામાં આવેલ તેમજ મંડલીકપુર ના શાસ્ત્રી મુકેશ અદા વિગેરે પંડિતો દ્વારા નવરાત્રિના પ્રથમ દિવસે વૈદિક મંત્રોચ્ચાર સાથે નવદુર્ગાનું પૂજન સ્થાપના કળશ સ્થાપના તેમજ વૈદિક પરંપરા મુજબ નવરાત્રી અનુષ્ઠાન નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંતો મહંતોની હાજરીમાં નવરાત્રી માતાજીનું સ્થાન વૈદિક પરંપરા મુજબઅખંડ ૨૪ કલાકના રામાયણ ના પાઠ તેમજ સતચંડી મહાયજ્ઞમાં અનુષ્ઠાનનો પણ પ્રારંભ કરવામાં આવેલો હતો. આ સમયે શાસ્ત્રી મુકેશઅદા એ જણાવેલ કે પવિત્ર નોરતાના પ્રથમ દિવસે આશીર્વાદ પાઠવતા જણાવેલ કે હિન્દુ ધર્મમાં નવરાત્રિ પર્વ એટલે માતાજીની આરાધનાનો દિવસ ગણાય છે.આ સમયે ડિસ્કો ડાંડીયા ના શોખને બદલે માત્ર ને માત્ર માતાજીની આરાધના સાથે સાથે દિવ્ય ભકિત નો સમય છે ત્યારે અમારા આશ્રમ દ્વારા છેલ્લા ૩૯ વર્ષથી માત્ર ને માત્ર માતાજીના સાનિધ્યમાં અખંડ ૨૪ કલાકના રામાયણના પાઠ તેમજ ૧૨૫ સતચંડી મહાયજ્ઞ અને દરરોજ નવ બાળાઓનું પૂજન અર્ચન કરવામાં આવે છે આશ્રમમાં માત્ર ને માત્ર માતાજીની આરાધના સિવાય કશું જ નહીં અહીં કોઈ લોકોને આમંત્રણ પાઠવવામાં આવતું નથી ધોરાજી થી ૧૩ કિલોમીટર દૂર શ્રી દિગંબર સંન્યાસ આશ્રમ નવદુર્ગા પ્રાચીન મંદિર માખીયાળા ખાતે નવરાત્રી અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમયે શ્રી દિગંબર લાલુગીરીજી મહારાજ નવરાત્રિના નવ દિવસ સુધી ઉગ્ર તપશ્ચર્યાની સાથે સાથે માં નવદુર્ગાની આરાધનાનામાં બેસી ગયા હતા તેમજ ચિત્રકૂટના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા અખંડ ૨૪ કલાકના રામાયણના પાઠ અને નવચંડી મહાયજ્ઞ દરરોજ નવ દિવસ સુધી યોજાઇલ બાદ સાધુ સંતોની હાજરીમાં વૈદિક મંત્રોચાર અને મહાયજ્ઞ સાથે પ્રથમ નોરતાથી નવરાત્રી અનુષ્ઠાનનો પ્રારંભ થયો હતો

સાધુ-સંતોના જણાવ્યા મુજબ નવરાત્રી મહોત્સવ ગુજરાત માં કદાચ પ્રથમ હશે અખંડ ૨૪ કલાક રામાયણના પાઠ એ પણ ચિત્રકૂટ ના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા અને અખંડ નવચંડી મહાયજ્ઞ માત્ર ને માત્ર માતાજી અને હનુમાનજી મહારાજના સાનિધ્યમાં ઉગ્ર તપશ્ચર્યા સાથે શ્રી દિગંબર લાલુગિરિજી મહારાજ ના સાનિધ્યમાં માત્ર ને માત્ર ધાર્મિક વિધિ સાથે યોજાયો હોય તે ગુજરાત માં પ્રથમ અનુષ્ઠાન હશે

નવરાત્રિના નવ દિવસ બાદ વિજયા દશમીના રોજ તારીખ ૧૨ ના રોજ પૂર્ણાહુતિ થશે આ સમયે મોટી સંખ્યામાં સાધુ સંતો તેમજ આમંત્રિત મહેમાનો પુર્ણાહુતી સમયે સેવક ગણ પધારીને નવરાત્રીના નવ દિવસનો દિવ્ય લાભ પ્રાપ્ત કરશે.

# પ્રાકૃતિક ખેતી કરનાર વલસાડ જિલ્લાના ૩ ખેડૂતોનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સન્માન કરાયું

- **વલસાડના ખેડૂતે દીકરીના જન્મ દિવસે પ્રાકૃતિક ખેતીનું સંમેલન રાખ્યુ હતું**
- **પારડીના ખેડૂતે પ્રાકૃતિક ખેતીનું પંચ સ્તરીય બાગાયતી ખેતીનું મોડલ બનાવ્યું**





વલસાડ, તા. ૪ઃ (કાર્તિક બાવીશી દ્વારા) ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સન્માનિત ખેડૂતો પોતે તો પ્રાકૃતિક ખેતી કરી જ રહ્યા છે પરંતુ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપે છે. જેથી તેઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લાના પણ ૩ ખેડૂતોનું સન્માન કરાયું હતું. વલસાડ તાલુકાનાં કોચવાડા ગામના હરેન્દ્રસિંહ ઠાકોર અને નિકુંજસિંહ ઠાકોરનું સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષમાં નિકુંજભાઈ દ્વારા તેમની છોકરી વૈદેહીના જન્મ દિવસે પોતાના ઘરે પ્રાકૃતિક ખેતીનું સંમેલન રાખવામાં આવ્યું હતું જેમાં અંદાજે 300 જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ સિવાય પારડી તાલુકાનાં કોલક ગામના ખેડૂત અમિત કાંતિલાલ મકરાણીનું પ્રાકૃતિક ખેતી દ્વારા પંચસ્તરીય બાગાયતી મોડેલ બનાવવા માટે સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના હસ્તે ખેડૂતોનું સન્માન થતા તેઓનો ઉત્સાહ બેવડાયો હતો.

# 'વિવાહ ફાર્મ' ખાતે શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ-૨૦૨૪નું કરાયેલું અદકેરૂ આયોજન

- **'માં' માનો પર્વ અને નાની નાની માતાજી સ્વરૂપ દિવ્યાંગ બાળાઓના હાથે દીપ પ્રાગટ્ય કરી નવરાત્રી મહોત્સવને ખુલ્લો મુકાયો**

જૂનાગઢ, તા. ૫ઃ શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ નવરાત્રી મહોત્સવના વિનોદભાઈ ચંડિગરા તથા લલીતભાઈ વરૂની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,છેલ્લા નવ વર્ષની અદભુત સફળતા બાદ આ વખતે દશમી વખત શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજીત શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ નું ભવ્યથી અતિ ભવ્ય આયોજન જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે આવેલ ખલીલપુર ચોકડીથી તદ્દન નજીક દેશી પકવાનની બાજુમાં વિવાહ ફાર્મ ખાતે કરવામાં આવેલ છે.આ નવરાત્રી મહોત્સવના પ્રથમ નોરતાના દિવસે નીલમબેન તથા રેખાબેન દ્વારા સંચાલિત માખીયાળાની સાંત્વન દિવ્યાંગ દીકરીઓની સંસ્થા તથા વનીતાબેન જોષીની આગેવાની હેઠળ ચાલતી દિવ્યાંગ સેવા સંસ્થા જોષીપરાની પ્રજ્ઞાચક્ષુની બાળાઓ, ઉપસ્થિત જ્ઞાતિજનો, મહેમાનોની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

વિશેષમાં શ્રી વિનુભાઈ ચંડિગરાએ જણાવેલ હતું કે, અનિવાર્ય સંજોગોનુસાર



નવરાત્રી મહોત્સવનું ખૂબ જ ટૂંકા સમયમાં આયોજન કરીને વિવિધ કમિટીઓની રચના કરીને કામગીરીની સમીક્ષા કરી કામગીરીની સોંપણી કરવામાં આવેલ હતી. જેમાં સૌપ્રથમ માતાજીની આરતી,પૂજન, અર્ચન સમિતિમાં નરેન્દ્ર જોગીયા, નિકુંજ કોરિયા એનાઉન્સમેટ વિભાગમાં સંદીપભાઈ રાઠોડ, ભરતભાઈ જાદવ ગેટ રસોડા સમિતિમાં રાજુભાઈ જાદવ, હિતેશભાઈ ચંડિગરા, બાબુભાઈ ભડુકુળ, જેન્તીભાઈ વાઢેર, રાહુલભાઈ રાવત, મેહુલભાઈ મારુ, રાજુભાઈ નેના, ભાવેશભાઈ વાઢેર, દીપકભાઈ છાયા, જીગ્નેશ ધોકીયા, દિવ્યેશભાઈ ટાંક, વીજયભાઈ દેવળીયા, ભાવીનભાઈ કોરીયા, કીશોરભાઈ જાદવ, જીગરભાઈ ટાંક ગ્રાઉન્ડ સમિતિમાં જશનભાઈ ચાંડેગરા, ભરતભાઈ ડાભી,નિલેશભાઈ માળવીયા, ભાવેશભાઈ વેગડ, રાજભાઈ જેઠવા, વિપુલભાઈ ગાધેર, વિપુલભાઈ માળવીયા, હેમનભાઇ વરૂ,ભૌતિકભાઈ છાયા, આશિષભાઈ કોરિયા,સ્ટેજ બેઠક સમિતિમાં રવિ ભરડવા,નિલેશ ચંડિગરા, રમેશ કોરિયા, સુરેશભાઈ ગિરનારા, નિશાંતભાઈ નેના, જતીનભાઈ કુકડીયા સ્થળ પર જ્ઞાતિજનો પાસેથી ફાળો એકત્રિત કરણ કરવાની સમિતિમાં ભાવેશભાઈ ખોલીયા જયસુખભાઈ જાદવ,લલીતભાઈ ચંડિગરા, રાકેશભાઈ ગાધેર, મહેન્દ્રભાઈ ભરડવા, પ્રવીણભાઈ કોરિયા,હરેશભાઈ જેઠવા લોગા વિતરણ સમિતિમાં ભાર્ગવભાઈ વેગડ,રાજભાઈ માવદીયા,પ્રશાંતભાઈ દેવળીયા,પ્રાથમિક સારવાર કેન્દ્ર સમિતિમાં ડો. અર્ચિત ભરડવા, ડો.પરેશ ચાંડેગરા,સંજય બુહેચા,ઉદય બુહેચા, માનસીબેન નેના,જજ નિર્ણાયક માટેની સમિતિના પ્રતિક ચાંડેગરા શીલ્ડ વિતરણની સમિતિમાં વીપુલભાઈ ગાધેર,કેતનભાઇ નેના સેલ્ફી પોઈન્ટ સમિતિના ભાવિનભાઈ કોરિયા નવરાત્રી મહોત્સવની મંજૂરી માટે સમિતિના રસિકભાઈ નેના વિપુલભાઈ રાવત સલાહકાર સમિતિમાં શ્રી પી.એ. ટાંક, ભગવાનજીભાઈ વાળા, વાલજીભાઈ જેઠવા, અતુલભાઈ વિસાવાડીયા, પ્રો. રાજેશભાઈ લાડવા સાહેબ, હરસુખભાઈ ચંડિગરા,હસમુખભાઈ વડુકુળ,ગોવિંદભાઈ વેગડ સહિતના જ્ઞાતિજનોની સમિતિઓ બનાવીને ટીમ વર્ક કરી સફળતાની તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આ તમામ લોકોની અથાગ મહેનત અને દાતાશ્રીઓનો સાથ અને સહકારથી આ વિશાળ ગ્રાઉન્ડની અંદર ખેલૈયાઓને રમવા માટે પૂરતું વિશાળ ગ્રાઉન્ડ, સુંદર મજાનું લાઈટ ડેકોરેશની સાથે સરસ મજાનુ સેલ્ફી પોઈન્ટ, જ્ઞાતિજનોને બેસવા માટેની સુંદર મજાની બેઠક વ્યવસ્થા સહિત વિવિધ સુવિધાઓ કરવામાં આવી છે. આ નવરાત્રી મહોત્સવમાં જ્ઞાતિજનોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે અને રોજ રાત્રે મહોત્સવ પૂર્ણ થયાના અંતમાં પ્રસાદ સ્વરૂપે નાસ્તો આપવામાં આવશે. તો આ શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવનો  લાભ લેવા તમામ શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. જુનાગઢ શહેરના જ્ઞાતિજનોને પાસ તેમના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં પણ જે કોઈને પાસ મળેલો ન હોય તો તેવા જ્ઞાતિજનોએ સ્થળ પરથી પોતાનો પાસ મેળવી લેવો અથવા પોતાનું આધાર કાર્ડ દેખાડીને પણ અંદર પ્રવેશ મેળવી શકશો. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# ઉના શહેરમાં દિવ મિરર ન્યુઝના સહ તંત્રી પર આપત્તિ જનક ટિપ્પણી કરતા પ્રાંત અધિકારીએ આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી

ઉના, તા. ૫ઃ ઉના શહેરમાં દિવ મિરર ન્યુઝના સહ તંત્રી પર  સોશિયલ મીડિયા દ્વારા એક આપત્તિ જનક ટિપ્પણી કરવામાં આવી જેને લઈને દીવ મિરર ન્યુઝ ના તમામ પત્રકારો તેમજ સામાજિક કાર્યકરો  આગેવાનો તેમજ પત્રકારો ઉના પ્રાંત અધિકારીએ પહોંચ્યા હતા ત્યારે એ સોશિયલ ફેક એકાઉન્ટ બનાવીને તેમના સહ તંત્રી મહેશભાઈ બામણીયા પર તે એકાઉન્ટ માંથી એક આપત્તિ જનક ટીપણી કરવામાં આવી ત્યારે અખબાર અને ચેનલના માલિક જયંતીભાઈ અને




તેઓની સર્વે ટીમ ઉના પ્રાંત અધિકારીએ પહોંચ્યા અને રજૂઆત કરવામાં આવી ત્યારે સાયબર  સેલમાં પણ એ ફરિયાદ કરવામાં આવી છે અને જે લોકોએ વાંધાજનક ટીપળી કરી છે તે લોકો પર કાયદેકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે આ તકે તમામ દીવ મિરર ન્યૂઝનાજિલ્લાના પત્રકારો પોત પોતાના વિસ્તારમાં આવેદનપત્ર આપી અને એક રજૂઆત કરી છે જયારે આ બનાવ બનતા પત્રકારોમાં રોસ ભભૂકી ઉઠીયો ઉઠ્યો છે વધુમાં જણાવ્યું તેમના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે તો પ્રતિક ઉપવાસની ચીમકી પણ આપી છે આ બનાવ બનતા સમગ્ર તાલુકામાં હાલ ચર્ચાનો વિષય બન્યો છે.




# રાજકોટ પ્રદ્યુમ્ન પ્રાણી ઉધ્ધાનમાં ૬૫ પ્રજાતિઓના ૫૫૩ પ્રાણી-પક્ષીઓ: દર વર્ષે લાખો સહેલાણીઓ લે છે મુલાકાત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત પ્રદ્યુમ્ન પ્રાણી ઉધ્ધાનમાં હાલ ૬૫ પ્રજાતિઓના ૫૫૩ જેટલા વન્ય પ્રાણી-પક્ષીઓ નિવાસ કરે છે. આ ઝુની દર વર્ષે લાખો સહેલાણીઓ મુલાકાત લે છે. આ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબ જ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન મોટી સંખ્યામાં સહેલાણીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. પ્રદ્યુમ્ન પાર્ક ૧૩૭ એકર વિસ્તારમાં પ્રાણીઉધ્ધાન વિકસાવવામા આવ્યુ છે. આ પાર્કનું તા.૧૪-૦૮-૨૦૧૦ના રોજ તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કર્યું હતું.







પ્રદ્યુમ્ન પ્રાણી ઉધ્ધાનના સુપ્રિટેન્ડન્ટ ડો.હિરપરાના જણાવ્યા અનુસાર, એશિયાઈ સિંહ, વાઘ, સફેદ વાઘ, દિપડો, રિંછ, મગર, ઘડિયાલ, હરણો, વાંદરા, શ્વાન કુળના પ્રાણીઓ, જુદી જુદી પ્રજાતિઓના નાના પ્રાણીઓ, જુદી જુદી પ્રજાતિઓના સાપ તેમજ જુદી જુદી પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે.

આ ઝુને રાજકોટના તત્કાલીન રાજવી ઠાકોર સાહેબશ્રી પ્રદ્યુમ્નસિંહજીનું નામ અપાયુ છે. આ વિસ્તારની બે બાજુએ લાલપરી, અન્ય બાજુઓએ રાંદરડા તળાવ તથા કબીર ટેકરીથી ઘેરાયેલ છે. કુદરતી ચઢાણ અને ઉતરાણ અને અનન્ય પ્રાકૃતિક સૌન્દર્ય ધરાવતો આ વિસ્તાર ખુબ જ રમણીય, સોહામણો અને હરિયાળો છે.

લોકોમાં વન્યસૃષ્ટિ વિશે સમજ અને જાગૃતિ ફેલાવવાના ભાગરૂપે રાજકોટ પ્રાણી ઉધ્ધાન દ્વારા તા.૦૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પોસ્ટર્સ સ્પર્ધા, ડ્રોઈંગ સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધાઓ અને સ્વચ્છતા ઝુંબેશ સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ઉપરાંત, દર ગુરુવારે બાળકો માટે ફ્રી નેચર એજ્યુકેશન કેમ્પ યોજાય છે જેમાં ખુબ મોટી સંખ્યામાં બાળકો ભાગ લઈને પ્રકૃતિને જાણે અને માણે છે.

ઝુની મુલાકાત દરમિયાન સહેલાણીઓ આનંદિત રહે તેમજ તેમને દરેક જરૂરી સુવિધાઓ મળી રહે તે હેતુથી ૧૦ બેટરી સંચાલીત કાર, ૬ હટસ, ૬ ઠંડા પાણીના પરબ, ૫ ટોઈલેટ, ૮ રેસ્ટીંગ શેડ, ૮ ક્રિડાંગણ લોન, ૫ ટોઈલેટ બ્લોકસ, ૪ કેન્ટીન, ૧ રેસ્ટોરન્ટ, ૩ બાળ ક્રિડાંગણ, ૫ લોન અને ગાર્ડન, મુલાકાતીઓ માટે ૧૦૦ બેન્ચીસ, ૧૦ વ્હીલ ચેર, ૫ બેબી પ્રામની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. ઝુ માં ૩ વર્ષથી નીચેના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ છે. જ્યારે પુખ્ત વયની વ્યક્તિઓ તથા કેમેરા માટે નિયત પ્રવેશ ટિકિટ રાખવામાં આવી છે.

## ધ રાયસિંગ ચેરીટેબલ ટ્રસ્ટ અને રોટરી કલબ દ્વારા આયોજિત

# નવરાત્રી મહોત્સવમાં રાજ્યના નાણાં, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતી



વલસાડ, તા. ૫ : (કાર્તિક બાવીશી દ્વારા) જગતજનનીમાં જગદંબાના પવિત્ર નવરાત્રી પર્વની વલસાડ સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં ધામધુમપૂર્વક શરૂઆત થઈ છે, નવરાત્રીના પ્રથમ નોરતે રાજ્યના નાણાં, ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ વલસાડમાં ગરબા મહોત્સવમાં હાજર રહી અને માતાજીની આરતી કરી હતી, નાણામંત્રીએ વલસાડના મોધાભાઈ હોલ ખાતે ધ રાયસિંગ ચેરીટેબલ ટ્રસ્ટ અને રોટરી કલબ ઓફ વલસાડ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં હાજર રહ્યા હતા. જ્યાં તેઓએ ભક્તિ ભાવપૂર્વક માતાજીની પૂજા આરતી કરી હતી, નાણામંત્રી એ પ્રથમ નોરતેજ ગરબા વલસાડ ખાતે નવરાત્રી મહોત્સવમાં હાજર રહી આયોજકોનો અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો, આમ રાજ્યમાં ચાલી રહેલા નવરાત્રી મહોત્સવ નિમિત્તે સમગ્ર વલસાડ જિલ્લા અને ગુજરાતની જનતાને નવરાત્રીની શુભેચ્છા પાઠવી હતી, માં શક્તિની આરાધનાના પર્વ નવરાત્રી નિમિત્તે નાણામંત્રીએ ગુજરાતની જનતા અને ગુજરાત પર હંમેશા માતાજીના આશીર્વાદ વરસતા રહે તેવી પ્રાર્થના પણ કરી હતી.

આ તબક્કે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ બાળ વિકાસ સમિતિના પૂર્વ અધ્યક્ષા સોનલબેન સોલંકી (જૈન), વલસાડ શહેર ભાજપ પ્રમુખ કનદર્પભાઈ દેસાઈ સહિત આયોજકો, ખેલૈયાઓ હાજર રહ્યા હતા.

## સાંઢપોર પ્રાથમિક શાળાના શિક્ષકા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે



વલસાડ, તા. ૫ઃ વર્લ્ડ પાવર સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આંતરરાષ્ટ્રીય પાવર લિફ્ટીંગ સ્પર્ધાનું આયોજન થનાર છે. જેની પસંદગી પ્રક્રિયા જયપુર ખાતે કરવામાં આવી હતી. જેમાં એશિયાના વિવિધ દેશના બોડીબિલ્ડર અને પાવર લિફ્ટર્સ પોતાનું દમખમ બતાવશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વલસાડ તાલુકાની પારડી સાંઢપોર શાળાના શિક્ષકા મેઘા પ્રજ્ઞેશ પાંડેની પસંદગી થઈ છે. હવે પછી તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવી દેશનું પ્રતિનિધિત્વ કરશે. આ ઉપરાંત મેઘા પાંડેએ અગાઉ અખિલ ભારતીય મુલકી સ્પર્ધામાં દિલ્હી ખાતે નેશનલ ટુર્નામેન્ટ રમી શાળા તથા જિલ્લાનું નામ રોશન કર્યું છે.

## પશ્ચિમ એશિયામાં સંઘર્ષ અને અમેરિકાના બંદરો પર હડતાલથી નિકાસકારોની ચિંતામાં વધારો



નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલ, ઈરાન અને લેબનોનમાં વધી રહેલા સંઘર્ષ અને યુએસના મુખ્ય બંદરો પર કામદારોની હડતાળએ ભારતીય નિકાસકારોની ચિંતા વધારી દીધી છે. નિકાસકારોને ડર છે કે તણાવ વધુ તીવ્ર બનવાથી પરિવહન ખર્ચ વધી શકે છે અને સપ્લાય ચેન ખોરવાઈ શકે છે. તેની અસર કાચા તેલની કિંમતો પર પણ જોવા મળી શકે છે.ભારતીય નિકાસકાર સંગઠન ફીફોએ જણાવ્યું હતું કે તાત્કાલિક અસર જોવા મળી નથી પરંતુ સંઘર્ષનો વ્યાપ વધતાં તેલની કિંમતો વધવા લાગી છે. અમેરિકાના પ્રતિબંધો છતાં ઈરાન તેલનો મોટો સપ્લાયર છે. જો ઈરાન પર વધુ કડક પ્રતિબંધો લાદવામાં આવે તો તેલના મોટા આયાતકારને બજારમાંથી બહાર કરવાની ફરજ પડી શકે છે. તેનાથી ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ શકે છે અને પ્રાદેશિક અસ્થિરતા પણ વધી શકે છે.આ સિવાય ઓમાન અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા માલસામાનની અવરજવરમાં કોઈપણ અવરોધ શિપિંગ ખર્ચમાં વધારો કરશે. ઈરાનના મિસાઈલ હુમલા બાદ હવાઈ માર્ગ પણ પ્રભાવિત થયો છે. આ સપ્લાય ચેઈનને વિક્ષેપિત કરી શકે છે અને રોકાણકારોના સેન્ટિમેન્ટને પણ અસર કરી શકે છે. ઈન્ડિયન એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સતત સંઘર્ષને કારણે સ્થિતિ ગંભીર બની ગઈ છે. પરિસ્થિતિ પર ચાંપતી નજર રખાઈ રહી છે. જો સંઘર્ષ યુદ્ધમાં ફેરવાય તો તે કોઈપણ હદ સુધી જઈ શકે છે અને વેપાર પણ ખોરવાઈ શકે છે.

ભારતીય નિકાસકારો વધુ પડકારોનો સામનો કરી રહ્યા છે કારણ કે ઇન્ટરનેશનલ લોંગશોરમેન્સ એસોસિએશનના પોર્ટ વર્કર્સ હડતાળની જાહેરાત કરી હતી, જેનાથી યુએસ ઈસ્ટ કોસ્ટ અને મેક્સિકોના અખાતમાં આવેલા ૩૬ મોટા બંદરો ઠપ થઈ ગયા છે. યુનાઈટેડ સ્ટેટ્સની અંદર અને બહાર જતા લગભગ ૫૫ ટકા કન્ટેનર અસરગ્રસ્ત બંદરોમાંથી પસાર થાય છે.

# સેન્સેક્સ ૮૦૮ પોઈન્ટ ઘટીને ૮૧,૬૮૮ ના સ્તરે બંધ થયો: નિફ્ટી પણ ૨૦૦ પોઈન્ટ તૂટ્યો



મુંબઈઃ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૮૦૮ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧,૬૮૮ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૨૦૦ પોઈન્ટ ઘટીને ૨૫,૦૪૯ ના સ્તર પર બંધ થયો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૧ ઘટ્યા અને ૯ વધ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૭ ઘટ્યા અને ૧૩ વધ્યા. એનએસઈના આઈટી સેક્ટર સિવાય તમામમાં ઘટાડો જોવા મળ્યો હતો. મીડિયા સેક્ટરમાં સૌથી વધુ ૨.૫૩%નો ઘટાડો થયો છે.

એચડીએફસી બેંક, રિલાયન્સ, આઈસીઆઈસીઆઈ બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા બજારમાં સૌથી વધુ ઘટ્યા હતા. જ્યારે ઈન્ફોસિસ, ટીસીએસ અને એક્સિસ બેન્કે બજારને ઊંચું ખેંચ્યું હતું.

એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી ૦.૨૨% વધ્યો છે. જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨.૮૨% અને કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૦.૩૧% વધ્યો હતો.૩ ઓક્ટોબરે યુએસ ડાઉ જોન્સ ૦.૪૪% ઘટીને ૪૨,૦૧૧ પર અને નાસ્ડેક ૦.૦૩૭% ઘટીને ૧૭,૯૧૮ પર આવી ગયો. ૫૦૦ પણ ૦.૧૭% ઘટીને ૫,૬૯૯ પર આવી ગયો. ના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો () એ ૩ ઓક્ટોબરે ૧૫,૨૪૩.૨૭ કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો () એ ૧૨,૯૧૩.૯૬ કરોડના શેર ખરીદ્યા હતા.

ગરુડ કન્સ્ટ્રક્શન એન્ડ એન્જિનિયરિંગનો ૮ ઓક્ટોબરે ખુલશે પ્રારંભિક જાહેર ઓફર એટલે કે ગરુડ કન્સ્ટ્રક્શન એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડનો ૮ ઓક્ટોબરે ખુલશે. રોકાણકારો આ ઈસ્યુ માટે ૧૦ ઓક્ટોબર સુધી બિડ કરી શકશે. કંપનીના શેર ૧૫ ઓક્ટોબરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ () અને નેશનલ સ્ટોક એક્સચેન્જ () પર લિસ્ટ થશે.

અગાઉ ગઈકાલે એટલે કે ૩જી ઓક્ટોબરે શેરબજારમાં વર્ષનો ચોથો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧,૭૬૯ પોઈન્ટ (૨.૧૦%) ઘટીને ૮૨,૪૯૭ પર બંધ થયો. તે જ સમયે, નિફ્ટી પણ ૫૪૬ પોઈન્ટ (૨.૧૨%) ઘટીને ૨૫,૨૫૦ ના સ્તર પર બંધ થયો.

ઓટો, એનર્જી, ફાઇનાન્સ અને બેન્કિંગ શેર્સમાં વધુ ઘટાડો જોવા મળ્યો હતો. , શ્રીરામ ફાઇનાન્સ અને ના શેરમાં ૪% થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. તે નિફ્ટીના ટોપ લૂઝર હતા. સ્ટીલનો શેર ૧.૩૩% ના વધારા સાથે નિફ્ટી ટોપ ગેનર હતો.૨ બંધ થયો.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૧ ઘટ્યા અને ૯ વધ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૭ ઘટ્યા અને ૧૩ વધ્યા. એનએસઈના આઈટી સેક્ટર સિવાય તમામમાં ઘટાડો જોવા મળ્યો હતો. મીડિયા સેક્ટરમાં સૌથી વધુ ૨.૫૩%નો ઘટાડો થયો છે.

## ઊંચી માગને પગલે ઈરાક તથા સાઉદી ખાતેથી દેશની ક્રુડ તેલ આયાત વધી

### આગામી તહેવારોની મોસમમાં ઘરઆંગણે માગ હજુ વધવા અપેક્ષા



મુંબઈઃ ઘરઆંગણે ક્રુડ તેલની માગમાં વધારો થતાં ઈરાક તથા સાઉદી અરેબિયા જેવા પરંપરાગત પૂરવઠેદારો પાસેથી ગયા મહિને ભારતની ક્રુડ તેલની આયાતમાં નોંધપાત્ર વધારો વધારો થયો હતો. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ઈરાક તથા સાઉદી અરેબિયા ખાતેથી ક્રુડ તેલની આયાત અનુક્રમે ૧૬ ટકા અને ૩૭ ટકા ઊંચી રહી હતી.

ગયા મહિને ઈરાક પાસેથી દૈનિક ૮.૯૦ લાખ બેરલ જ્યારે સાઉદી અરેબિયા ખાતેથી દૈનિક ૬.૮૮ લાખ બેરલ ક્રુડ તેલની આયાત કરવામાં આવી હતી. જો કે ગયા મહિને ભારતની ક્રુડ તેલની કુલ આયાતમાં પ્રતિ દિન ૧૭.૯૦ લાખ બેરલ સાથે રશિયા ટોચનું પૂરવઠેદાર જળવાઈ રહ્યું હતું એમ પ્રાપ્ત સરકારી ડેટા જણાવે છે.ભારતની ક્રુડ આયાતમાં રશિયાનો હિસ્સો ૩૮ ટકા જેટલો રહ્યો હતો. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ક્રુડ તેલની એકંદર આયાત ૧૨.૭૦ ટકા વધી પ્રતિ દિન ૪૭ લાખ બેરલ રહી હતી.

આગામી તહેવારોની મોસમ દરમિયાન માગ વધવા સાથે આયાતમાં પણ વધારો થવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. ભારત તેની ક્રુડ તેલની કુલ આવશ્યકતામાંથી ૮૫ ટકા આયાત મારફત પૂરી કરે છે. ૨૦૨૪ના પાછલા છ મહિનામાં ક્રુડ તેલના ભાવમાં ઘટાડો ભારત માટે પોઝિટિવ સ્થિતિ બની હતી,

## સોનું ઓલ ટાઈમ હાઈ, ૪૬૭ વધ્યું: ૧૦ ગ્રામ સોનાની કિંમત પહેલીવાર ૭૬,૦૦૦ને પાર

### ચાંદીનો ભાવ ૧,૬૧૫ વધીને ૯૨,૨૮૬ થયો

નવી દિલ્હી:સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન () અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૪૬૭ રૂપિયા વધીને પ્રથમ વખત રૂપિયા ૭૬,૦૮૨ પર પહોંચી ગઈ છે. પહેલા તેની કિંમત ૭૫,૬૧૫ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી.

સાથે જ આજે ચાંદીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તે ૧,૬૧૫ રૂપિયા વધીને ૯૨,૨૮૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. અગાઉ ચાંદીનો ભાવ રૂ.૯૦,૬૭૧ હતો. આ વર્ષે ૨૯ મેના રોજ ચાંદી તેની ઓલ-ટાઇમ હાઈ રૂ. ૯૪,૨૮૦ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે. અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં ૧૨,૭૩૦ રૂપિયાનો વધારો થયો છે. ૧ જાન્યુઆરીએ સોનું ૬૩,૩૫૨ રૂપિયા હતું, જે હવે ૭૬,૦૮૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર



પહોંચી ગયું છે. તે જ સમયે, એક કિલો ચાંદીની કિંમત ૭૩,૩૯૫ રૂપિયાથી વધીને ૯૨,૨૮૬ રૂપિયા થઈ ગઈ છે.

એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સી હેડ અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સોના અને ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૮૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. સાથે જ ચાંદી પણ પ્રતિ કિલો રૂ.૧ લાખને પાર કરી શકે છે.

૧. પ્રમાણિત સોનું જ ખરીદો બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ () ના હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું હંમેશા ખરીદો. સોના પર ૬ અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઇડેન્ટિફિકેશન નંબર એટલે કે કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું છે - ૪૫૨૪. હોલમાર્કિંગ દ્વારા જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટ છે.

૨. ક્રોસ કિંમત તપાસો બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઇટ) પરથી ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેની કિંમત ક્રોસ-ચેક કરો. સોનાની કિંમત ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ પ્રમાણે બદલાય છે. ૨૪ કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ તેમાંથી જ્વેલરી બનાવવામાં આવતી નથી કારણ કે તે ખૂબ જ નરમ હોય છે.

૩. રોકડ ચૂકવશો નહીં, બિલ લો સોનું ખરીદતી વખતે, રોકડ ચુકવણીને બદલે (જેમ કે એપ્લિકેશન) અને ડિજિટલ બેંકિંગ દ્વારા ચુકવણી કરવી વધુ સારું છે. જો તમે ઈચ્છો તો ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા પણ પેમેન્ટ કરી શકો છો. આ પછી બિલ લેવાનું ભૂલશો નહીં.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper







## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062